

| મધ્યપ્રદેશ | |
|---|---|
| બીજેપી | ૧૫૭ |
| કોંગ્રેસ | ૭૨ |
| એસપી | ૦૦ |
| અન્ય | ૦૧ |

| રાજસ્થાન | |
|---|---|
| બીજેપી | ૧૧૪ |
| કોંગ્રેસ | ૭૧ |
| અન્ય | ૧૪ |
| બીએસપી | ૦૦ |

| છત્તીસગઢ | |
|---|---|
| બીજેપી | ૬૦ |
| કોંગ્રેસ | ૨૯ |
| અન્ય | ૦૧ |
| જેસીસી | ૦૦ |

| તેલંગાણા | |
|---|---|
| કોંગ્રેસ | ૬૬ |
| બીઆરએસ | ૩૭ |
| બીજેપી | ૦૮ |
| અન્ય | ૦૮ |

### મતદારોનો ભાજપ પર પ્રેમ, વિશ્વાસ અને આશીર્વાદ આપવા બદલ હૃદયપૂર્વક આભાર માનું છું : મોદી

**વડાપ્રધાને મંચ પર કાર્યકર્તાઓને સંબોધન કર્યું**

# ઈમાનદારી અને પારદર્શિતાની જીત થઈ, હવે મારી જવાબદારી વધી ગઈ

### ભાજપ કાર્યાલય ખાતે વડાપ્રધાન મોદી, અમિત શાહ તેમજ જે.પી. નડ્ડા સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા

મધ્યપ્રદેશ, છત્તીસગઢ તેમજ રાજસ્થાનમાં ભવ્ય જીત મેળવ્યા બાદ સમગ્ર દેશમાં ભાજપનાં કાર્યકરોમાં ખુશીની લહેર વ્યાપી જવા પામી હતી. ત્યારે મોડી સાંજે દિલ્હી ભાજપ કાર્યાલય ખાતે જશ્નનો માહોલ જામ્યો હતો. ત્યારે ભાજપ કાર્યાલય ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ તેમજ રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

રાષ્ટ્રીય પ્રદેશ અધ્યક્ષ જે.પી.નડ્ડાએ જણાવ્યું હતું કે દેશે વિકાસને આગળ રાખીને આ ચૂંટણીમાં વિજયી બનાવ્યા છે. વડાપ્રધાન સૌને સાથે લઈને આગળ વધી રહ્યા છે. પરંતુ કોંગ્રેસનાં લોકોએ આ ચૂંટણી પ્રચારમાં વડાપ્રધાન પર નિમ્ન કક્ષાની ટિપ્પણીઓ કરી હતી.



છત્તીસગઢની જનતા, રાજસ્થાનની જનતાનો આભાર માન્યો હતો. મતદાતા જ પરમેશ્વર હોય છે. તે જ આશીર્વાદ આપે છે. આ સાથે સાથે મારી સામે બેઠેલા કાર્યકર્તાઓ, અમારા અધ્યક્ષનો પણ ખૂબ ખૂબ આભાર માનું છું. અમારા કાર્યકર્તાઓએ રાત દિવસ મહેનત કરી વિજય અપાવ્યો તેમનો આભાર માનું છું. અમને મોદીજીનાં નેતૃત્વમાં તમામ જાતિનાં લોકોનાં આશીર્વાદ મળ્યા છે. મારા કાર્યકરોનો ખૂબ ખૂબ આભાર માનું છું. કાર્યકરોએ મહિનાઓ સુધી તેમનાં પરિવારથી દૂર રહી બુથે બુથે જઈ પ્રચાર કર્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી મંચ પર કાર્યકર્તાઓને સંબોધન કરતા જણાવ્યું હતું કે આજનો વિજય અભૂત પૂર્વ છે. આજે સૌનો સાથ સૌનો વિકાસની ભાવના જીતી છે. આજે વિકસીત ભારતની જીત થઈ છે. આજે આત્મનિર્ભર ભારતનાં સંકલ્પની જીત થઈ છે. આજે ભારતનાં વિકાસ માટે, રાજ્યોનાં વિકાસનાં વિચારની જીત થઈ છે.

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### તેલંગણામાં કોંગ્રેસે વિજય મેળવ્યો, બીઆરએસને હેટ્રટ્રીક કરતા અટકાવી । કોંગ્રેસે ફરી એક વખત નિરાશાજનક દેખાવ કર્યો છે

# મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાં ભાજપની જીત

## શિવરાજ સિંહ ચૌહાણ ફરી એક વખત લોકપ્રિય અને વિનર નેતા તરીકે ઉભરી આવ્યા છે

। નવી દિલ્હી, તા.૩ ।

ચાર રાજ્યોની વિધાનસભા ચૂંટણીના પરિણામો આવી ગયા છે જેમાં ભાજપને એક્ઝિટ પોલથી વિપરીત જોરદાર સફળતા મળી છે, જ્યારે કોંગ્રેસે ફરી એક વખત નિરાશાજનક દેખાવ કર્યો છે. મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાં ભાજપ સરકાર બનાવવા જઈ રહ્યો છે જ્યારે તેલંગણામાં કોંગ્રેસનો વિજય થયો છે. પાંચમા રાજ્ય મિઝોરમમાં પણ ચૂંટણી થઈ હતી, પરંતુ ત્યાં સોમવારે મતગણતરી થશે. આજના વિજય પછી ભાજપમાં ભારે ઉત્સાહનો માહોલ છે કારણ કે લોકસભાની ચૂંટણી હવે માત્ર પ ાંચ મહિના દૂર છે. ભાજપે સ્પષ્ટ વિજય મેળવતા જ આજે સાંજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વિટ કરીને મતદારોનો આભાર માન્યો હતો અને કહ્યું હતું કે, "અમે જનતા જનાર્દનને નમન કરીએ છીએ."

અત્યારની સ્થિતિ પ્રમાણે મધ્ય પ્રદેશમાં ભાજપ ૧૫૭ બેઠકો જીતી ગયો છે જ્યારે કોંગ્રેસના હાથમાં ૭૫ બેઠકો છે. શિવરાજ સિંહ ચૌહાણ ફરી એક







વખત લોકપ્રિય અને વિનર નેતા તરીકે ઉભરી આવ્યા છે. તેમની મહિલાઓ માટેની યોજનાઓ અસરકારક સાબિત થઈ છે. મધ્ય પ્રદેશમાં જીઁ કે મ્જીઁ ખાતું પણ ખોલાવી શક્યા નથી. મધ્યપ્રદેશમાં ભાજપને ૫૬ બેઠકનો ફાયદો થયો છે જ્યારે કોંગ્રેસને ૫૦ બેઠકોનું નુકસાન છે. ૨૦૦ વિધાનસભા બેઠકો ધરાવતા રાજસ્થાનમાં બહુમતી માટે ૧૦૦ બેઠકો જરૂરી હોય છે. રાજસ્થાનમાં ભાજપ ૧૧૪ બેઠક જીત્યો છે અથવા લીડ મેળવી છે જ્યારે કોંગ્રેસના હાથમાં માત્ર ૭૧ બેઠકો દેખાય છે. બીએસપીને બે બેઠકો મળી છે. રાજસ્થાનમાં ભાજપને ગઈ ચૂંટણીની તુલનામાં ૪૩ બેઠકો પર ફાયદો થયો છે જ્યારે કોંગ્રેસે ૩૧ બેઠકો ગુમાવી છે. છત્તીસગઢમાં ૯૦ બેઠકોમાં સરકાર બનાવવા માટે ૪૬ બેઠકોની જરૂર હોય છે. અહીં ભાજપે ૬૦ બેઠક જીતી છે અથવા લીડ મેળવી છે અને કોંગ્રેસના હાથમાં ૨૯ બેઠક આવી છે. છત્તીસગઢમાં કોંગ્રેસને ૩૪ બેઠકોનું નુકસાન છે જ્યારે ભાજપને ૪૧ બેઠકોનો ફાયદો છે. તેલંગણામાં કોંગ્રેસને જોરાદાર સફળતા મળી છે અને ૬૬ બેઠકો જીતી લીધી છે અથવા લીડ મેળવી છે. તેલંગણામાં સળંગ બે વખતથી જીતનાર બીઆરએસને માત્ર ૩૭ બેઠક મળી છે જ્યારે ભાજપ ૮ બેઠક જીતી શક્યો છે. આ વખતની વિધાનસભા ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસે મન મૂકીને વચનો આપ્યા હતા. રેવડી વહેંચવામાં કોઈ પક્ષ પાછળ ન હતા. રાજસ્થાન અને છત્તીસગઢમાં કોંગ્રેસે પોતાના ચૂંટણી ઢંઢેરામાં ખેડૂતોના દેવામાં માફી, સસ્તામાં ગેસ સિલિન્ડર, બેરોજગારી ભથ્થું, મહિલાઓ માટે રોકડ સહાય વગેરે વચનો આપ્યા હતા. મધ્ય પ્રદેશમાં શિવરાજ સિંહ ચૌહાણની ભાજપ સરકારે 'લાડલી બહેન યોજના' જાહેર કરી હતી જેમાં પાત્રતા ધરાવતી દરેક મહિલાને મહિને એક-એક હજાર રૂપિયાની સહાય કરવામાં આવી હતી. ત્યાર પછી આ રકમ વધારીને રૂ. ૧૨૫૦ કરવામાં આવી હતી. આગળ જતા આ રકમ વધારીને મહિને ૩૦૦૦ રૂપિયા કરવામાં આવશે તેવું વચન પણ અપાયું હતું.

### પીએમ મોદીએ કહ્યું હતું- લખીને રાખી લો

## ચૂંટણી પરિણામ બાદ સાચી પડી પીએમ મોદીની ભવિષ્યવાણી

દર પાંચ વર્ષ બાદ સરકાર બદલી નાખવાનો રાજસ્થાનનો ત્રણ દાયકા જૂનો રિવાજ ફરી યથાવત રહ્યો છે. રાજસ્થાનની જનતાએ કોંગ્રેસને સત્તામાંથી હટાવી આગામી પાંચ વર્ષ માટે કમાન ભારતીય જનતા પાર્ટીને સોંપી દીધી છે. ભાજપને પ્રચંડ જીત મળી છે અને જાદૂગર અશોક ગેહલોતના તમામ દાવ બેકાર થઈ ગયા છે. ચૂંટણી પરિણામ બાદ પીએમ મોદીની એક ભવિષ્યવાણીની ખુબ ચર્ચા થઈ રહી છે, જેને લઈને તેમણે કહ્યું હતું કે આ ખોટુ નહીં પડે અને લોકો લખીને રાખી લે.

હકીકતમાં ચૂંટણી પ્રચાર દરમિયાન પીએમ મોદીએ અશોક ગેહલોતને લઈને ભવિષ્યવાણી કરી હતી. પીએમ મોદીએ કહ્યુ હતું કે અશોક ગેહલોત ફરી ક્યારેય મુખ્યમંત્રી બની શકશે નહીં. તેમણે કહ્યું હતુ કે ગેહલોત આ ચૂંટણી બાદ તો મુખ્યમંત્રી બનશે નહીં અને આગળ પણ ક્યારેય આ પદ પર બેસવાના નથી. હાલમાં પીએમ મોદીની ભવિષ્યવાણી સાચી સાબિત થઈ છે. પરંતુ પછી ક્યારેય બનશે કે નહીં તેનો જવાબ તો ભવિષ્યમાં છુપાયેલો છે. પરંતુ રાજકીય વિશ્લેષકોનું કહેવું છે કે ૨૦૨૮ સુધી સંભવ છે કે કોંગ્રેસ નવા નેતૃત્વને આગળ વધારે, કારણ કે અશોક ગેહલોતની ઉંમર પણ થઈ ચૂકી છે. ૨૨ નવેમ્બરે પીએમ મોદીએ રાજસ્થાનના ડૂંગરપુરમાં જનસભાને સંબોધિત કરતા ભવિષ્યવાણી કરી હતી.





### કોંગ્રેસની હારનું મુખ્ય કારણ પાર્ટીની અંદરની લડાઈ

## રાજસ્થાનમાં કોંગ્રેસને મોટી હારનો સામનો કરવો પડ્યો

રાજસ્થાનમાં કોંગ્રેસને મોટી હારનો સામનો કરવો પડ્યો છે. છેલ્લા ૩૦ વર્ષથી ચાલી આવતી પરંપરા ફરી એકવાર ચાલુ રહી છે અને કોંગ્રેસ બાદ ભાજપ ફરી સત્તામાં આવી રહ્યું છે. મુખ્ય પ્રધાન અશોક ગેહલોતના તમામ દાવાઓ અને તેમના લોકપ્રિય વચનોને અવગણીને રાજસ્થાનના લોકોએ ભાજપને જબરદસ્ત મતદાન કર્યું અને તેને મોટી જીત મળી રહી છે. જ્યારે કોંગ્રેસ હારનો સામનો કરી રહી છે. અત્યાર સુધીના પરિણામોના આધારે ભાજપે બહુમતીનો આંકડો પાર કરી લીધો છે. ભાજપને ૧૧૫ બેઠકો મળે તેમ લાગી રહ્યું છે. જ્યારે કોંગ્રેસ ૭૦ સીટો સુધી સીમિત રહી શકે છે. અહીં જાણો કોંગ્રેસની હારના કયા કારણો હતા?

રાજસ્થાનમાં કોંગ્રેસની હારનું મુખ્ય કારણ પાર્ટીની અંદરની લડાઈ હતી. ઘણા નેતાઓ નારાજ હતા, પરંતુ ગેહલોતે તેમને યોગ્ય રીતે સંભાળ્યા ન હતા. પક્ષમાં જૂથવાદ અને ઘણા બળવાખોર નેતાઓએ પક્ષની રમત બગાડી. ઘણા નેતાઓ જ્યારે અપક્ષ તરીકે ચૂંટણી લડ્યા હતા ત્યારે પણ ભાજપે કેટલાકને પ ોતાના પક્ષમાં લીધા હતા. સચિન પાયલટ અને અશોક ગેહલોત વચ્ચેની લડાઈ આખા દેશમાં ચર્ચાનો વિષય રહી હતી. બંને નેતાઓ પોત-પોતાના કામ છોડીને પરસ્પર લડાઈ પર વધુ ધ્યાન આપતા જોવા મળ્યા હતા. સરકાર બનતાની સાથે જ બંને વચ્ચે ઝઘડો શરૂ થઈ ગયો અને તેનો અંત આવે તેમ લાગતું ન હતું.



## પીએમ મોદી પર સીધો હુમલો કરવામાં કોંગ્રેસ પાર્ટીને જ નુકસાન થયું

ગુજરાતમાં ૨૦૦૭ની વિધાનસભા ચૂંટણીમાં સોનિયા ગાંધીએ રાજ્યના તત્કાલિન સીએમ નરેન્દ્ર મોદીને મોતના સોદાગર કહ્યા હતા, અને તેમના આ એક નિવેદનને હથિયાર બનાવી ભાજપે ચૂંટણીનો માહોલ પોતાના પક્ષમાં કરી લીધો હતો. ૨૦૧૪ની લોકસભા ચૂંટણી વખતે પણ નરેન્દ્ર મોદી પર કોંગ્રેસના નેતાઓએ કરેલા સીધા પ્રહારની પાર્ટીએ જ કિંમત ચૂકવવી પડી હતી. હવે ૨૦૨૩માં થયેલી વિધાનસભા ચૂંટણીમાં પણ કંઈક આવું જ જોવા મળી રહ્યું છે, જેના પ્રચાર દરમિયાન રાહુલ ગાંધીએ નરેન્દ્ર મોદીને પનોતી કહ્યા હતા, અને તેનું પરિણામ એ આવ્યું છે કે રાજસ્થાનમાં કોંગ્રેસના હાથમાંથી સત્તા સરકતી દેખાઈ રહી છે. રાજસ્થાન માટે કદાચ કોંગ્રેસ એવું કહી શકે કે રાજ્યના મતદારોએ સતતાધારી પક્ષને ફરી જનમત નથી આપ્યો, પરંતુ મધ્યપ્રદેશમાં તો ત્રણ ટર્મથી સત્તામાં રહેલા ભાજપ સામે દેખાઈ રહેલા એન્ટિ ઈનકમ્બન્સી ફેક્ટરનો ફાયદો ઉઠાવવામાં પણ કોંગ્રેસ નિષ્ફળ રહી છે, અને છત્તીસગઢમાં પણ તેને સત્તા ગુમાવવી પડે તે લગભગ સ્પષ્ટ થઈ ચૂક્યું છે. ૨૦૨૩ના વર્ષની આ છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસનું પ્રચાર અભિયાન પહેલાથી જ નેગેટિવ રહ્યું હતું. એક તરફ ભાજપે આ ચૂંટણીમાં નરેન્દ્ર મોદીના ચહેરા પર વોટ માગ્યા હતા તો બીજી તરફ સોશિયલ મીડિયા દ્વારા કોંગ્રેસે ભાજપ અને ખાસ તો પીએમ મોદીને નિશાના પર લીધા હતા. પીએમ મોદી પર હુમલો કરવામાં કોગ્રેસ કેટલીકવાર મર્યાદા પણ ચૂકી હતી, પરંતુ હવે રાજકારણમાં ચૂંટણી પ્રચાર દરમિયાન મર્યાદા જાળવવાનું જાણે રાજકીય પક્ષોએ છોડી જ દીધું છે, અને ભાજપ પણ તેમાંથી બાકાત નથી. જોકે, કોંગ્રેસને પોતાના આ નેગેટિવ કેમ્પેઈનનો તેલંગાણા સિવાય ક્યાંય ફાયદો નથી મળ્યો, અને તેલંગાણામાં ભાજપ આમેય પહેલાથી મજબૂત નહોતો અને મ્જીજી સામેની એન્ટી ઈક્મ્બન્સીનો ફાયદો કોંગ્રેસને જ મળવાની ગણતરી હતી.

## ન્યુઝ બોક્ષ

### પશુપાલકોને પશુ રજિસ્ટ્રેશન માટે ૩૧ ડિસેમ્બર સુધીનું અલ્ટિમેટમ આપવામાં આવ્યું

। રાજકોટ,તા.૩ ।

રાજકોટમાં પશુપાલકોને પશુ રજિસ્ટ્રેશન માટે ૩૧ ડિસેમ્બર સુધીનું અલ્ટિમેટમ આપવામાં આવ્યું છે. વાત જાણે એમ છે કે, ગુજરાત હાઈકોર્ટના આદેશ બાદ મહાનગરપાલિકા દ્વારા સૂચના આપવામાં આવી છે. જેથી ૧ જાન્યુઆરીથી રજિસ્ટ્રેશન વગરના પશુઓને પકડ્યા બાદ છોડવામાં નહી આવે. નોંધનિય છે કે, રાજકોટ શહેરમાં ૩૫ હજારથી વધુ પશુઓ છે અને એમાંથી માત્ર ૮૫૦૦ પશુઓનું જ રજીસ્ટ્રેશન થયું છે. રાજ્યમાં રખડતાં ઢોરના ત્રાસને લઈ ગુજરાત હાઈકોર્ટે પણ નારાજગી વ્યક્ત કરી હતી. આ તરફ હવે રાજકોટ મ્યુનિસિપલ કમિશનર દ્વારા પશુપાલકોને ઢોર રાખવા છેલ્લી મુદત આપવામાં આવી છે. જે અંતર્ગત પશુપાલકોને પશુ રજિસ્ટ્રેશન માટે ૩૧ ડિસેમ્બર સુધીનું અલ્ટિમેટમ આપવામાં આવ્યું છે. જેથી હવે ૧ જાન્યુઆરીથી રજિસ્ટ્રેશન વગરના પશુઓને પકડ્યા બાદ છોડવામાં નહી આવે.

### અંબાજીની અદ્યતન RTO ચેકપોસ્ટ ખંડેરમાં ફેરવાઈ ગઈ

। બનાસકાંઠા, તા.૩ ।

ગુજરાત અને રાજસ્થાનને જોડતી સરહદો પર રહેલી આરટીઓ ચેક પોસ્ટ બંધ કરી દેવાયા બાદ હવે હાલત ખંડેર બની છે. અદ્યતન તૈયાર કરવામાં આવેલી અંબાજી ચેકપોસ્ટ ચાર વર્ષથી બંધ હોવાને લઈ તે હવે ધૂળ ખાઈ રહી છે. તો રૂમના બારી બારણાં પણ ચોરાઈ ગયા છે. તો અસામાજીક તત્વો દ્વારા તેને તોડફોડ કરીને નુક્સાન પહોચાડવામાં આવ્યુ છે. ગુજરાત રાજ્યમાં મોટાભાગની ચેકપોસ્ટને વર્ષ ૨૦૧૯માં નવીન બનાવવામાં આવી હતી. રાજ્યના વાહન વ્યવહાર વિભાગ દ્વારા અદ્યતન ટેકનોલોજી સાથે આરટીઓ ચેકપોસ્ટ તૈયાર કરવામાં આવી હતી. પરંતુ હવે તે ચેકપોસ્ટને બંધ કરી દેવામાં આવી છે. માત્ર આઠેક મહિના જ અદ્યતન નવી ચેકપોસ્ટ બંધ કરી દેવામાં આવી હતી. આમ બીન વપરાશ હેઠળ રહેતા અદ્યતન આરટીઓ ચેકપોસ્ટ હવે ધૂળ ખાવા લાગી છે અને સ્થિતિ ખંડેર જેવી નજર આવવા લાગી છે.અંબાજી નજીક આવેલી ચેકપોસ્ટના પણ આવા જ હાલ છે. અહીં પણ ચેકપોસ્ટને તૈયાર કરવામાં આવી હતી અને જે પણ બંધ કરી દેવાને લઈ કરોડોનો ખર્ચ હવે ખંડેર રુપે જોવા મળી રહ્યો છે.

### અમદાવાદની પરિણીતા ભરાઈ

# ઘાટલોડિયા વિસ્તારમાં રહેતી યુવતીને ઈન્સ્ટાગ્રામની ફ્રેન્ડશીપ ભારે પડી

## પરિણીતાને લાંબી લાંબી વાતો કર્યો બાદ પોલીસ સ્ટેશન જવાનો વારો આવ્યો

। અમદાવાદ,તા.૩ ।

સોશિયલ મીડિયાના જમાનામાં તેમ મળો કે ના મળો પણ ઓનલાઈન તો મળી જાઓ જ છો. પહેલાં એકબીજાને વાત કરવાના પણ ફાંફા પડતા હતા. સોશિયલ મીડિયાનો દિવસેને દિવસે દુરોપયોગ વધી રહ્યો છે. સોશિયલ મીડિયામાં વાતચીત સમયે કેટલું ધ્યાન રાખવું એ આનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. તમારી દરેક વાતચીત સેવ થવાની સાથે સ્ક્રીન શોર્ટ રહે છે. તમને એમ કે તમે એ ભૂલી જશો પણ સામેવાળો તમને ભૂલવા દેશે નહી. આવો જ એક કિસ્સો અમદાવાદની પરીણિતા સાથે બન્યો છે. જે હવે પોલીસ સ્ટેશને પહોંચી છે. આ પ્રકરણમાં અમે જાણી જોઈને નામને ટાળી દીધા છે. અમદાવાદમાં ઘાટલોડિયામાં રહેતી ૨૮ વર્ષની એક પરિણીતા મૂળ પેટલાદની છે.

પરિણીતાએ અમદાવાદના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી છે કે, હું મારા પરિવાર સાથે છેલ્લા સાત વર્ષથી ભાડાના મકાનમાં રહું છું અને હું ગૃહિણી છું. મારા પતિ સતાધાર ચાર રસ્તા ખાતે આવેલી એક કંપનીમાં નોકરી કરે છે. અને હું સોશિયલ સાઈટ ઈન્સ્ટાગ્રામનો છેલ્લા સાત વર્ષથી ઉપયોગ કરું છું.

ગઈ તા-૦૫/૧૦/૨૦૨૩ ના રોજ હું મારા ઘરે હાજર હતી દરમિયાન ઈન્સ્ટાગ્રામ આઈ.ડી **dr_vishal_2055** ઉપરથી મારા ઈન્સ્ટાગ્રામ આઈ.ડી ઉપર ફ્રેન્ડ રીકવેસ્ટ આવેલી જે ફ્રેન્ડ રીકવેસ્ટ મેં સ્વીકારી હતી. જેના બાદ સામેવાળા આઈ.ડી ધારકે મને **HI** કરીને મેસેજ કર્યા હતા. ત્યાર બાદ અમે બંન્ને એકબીજા સાથે પર્સનલ વાતચીત કરી હતી. ત્યારબાદ તેણે મારી પાસે બિભત્સ પ્રકારના ફોટા માંગ્યા હતા, જે મેં તેને મોકલ્યા ન હતા. જેથી તેણે મનમાં લાગી આવતાં અમારી એકબીજા સાથે કરેલ વાતચીતની ચેટ મારા પતિના આઈ.ડી. ઉપર વાયરલ કરવાની ધમકી આપી હતી. જેથી મે રીક્વેસ્ટ અનફ્રેન્ડ કરી દીધી હતી. ત્યાર બાદ તા-૦૮/૧૦/૨૦૨૩ ના રોજ ઈન્સ્ટાગ્રામ આઈ.ડી **dr_vishal_2055** ઉપરથી મને સમાજમાં બદનામી થાય તેવા ગંદા-બિભત્સ પ્રકારના મેસેજો કરાયા હતા અને મારા પર્સનલ ચેટ મારા પતિને મોકલી આપવાની ધમકી અપાઈ હતી. એટલુ જ નહિ, મારી પાસેથી રૂ.૧૦,૦૦૦/- ની માંગણી કરી મને કોટક મહિન્દ્રા બેંકના ખાતા નંબર-૫૮૪૮૧૮૫૫૯૯ આઈ.એફ.એસ.સી કોડ-**KKBK0002573** ની વિગત મોકલી આપી હતી. પરંતુ મેં તેને કોઈ નાણાં ચુકવ્યા ન હતા. જેથી આ **dr_vishal_2055** નામના ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. ધારકની સામે તપાસ કરવામા આવે.

આમ ગઈ તા-૦૫/૧૦/૨૦૨૩ થી આજદિન સુધી કોઈ અજાણ્યા ઈસમે સોશિયલ સાઈટ ઈન્સટોગ્રામ ઉપર **dr_vishal_2055** નામની આઈ.ડી બનાવી મારી સમાજમાં બદનામી થાય તેવા ગંદા-બિભત્સ પ્રકારના મેસેજો કરી અને મારી પર્સનલ ચેટ મારા પતિના આઈ.ડી. ઉપર વાયરલ કરવાનુ જણાવી મારી પાસે રૂ.૧૦,૦૦૦/- ની માંગણી કરી હેરાન પરેશાન કરતા હોય આ **dr_vishal_2055** નામની ઈન્સટાગ્રામ આઈ.ડી બનાવનાર અજાણ્યા ઈસમ વિરુધ્ધ ધોરણસર થવા ફરિયાદ છે. આ ઘટના દેખાડે છે કે સોશિયલ મીડિયા સાઈટ્સ પર વાતચીત કરતાં તમારે કેટલું ધ્યાન રાખવાની જરૂર છે.

### પશ્ચિમ દિશાનાં પવનોમાં કારણે ભેજયુક્ત હવા લાવશે વરસાદ

## આગામી ૨ દિવસ ગુજરાતમાં કમોસમી વરસાદની આગાહી

### કમોસમી વરસાદથી ઠંડીનો પારો બે થી ત્રણ ડિગ્રી વધશે



। અમદાવાદ, તા.૩ ।

અરબી સમુદ્રમાં સર્જાયેલ સાયક્લોનિક સર્કયુલેશનનાં કારણે ગુજરાતનાં ઘણા ભાગોમાં વરસાદ પડી શકે છે. તેમજ કમોસમી વરસાદને કારણે ઠંડીનો પારો બે થી ત્રણ ડીગ્રી વધવાની શક્યતા છે. ત્યારે સર્કયુલેશનનાં કારણે હવામાન વિભાગ દ્વારા બે દિવસ ગુજરાતમાં કમોસમી વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગ દ્વારા ઉત્તર ગુજરાત તેમજ સૌરાષ્ટ્રમાં પણ સામાન્ય વરસાદની આગાહી કરી છે.

હવામાન વિભાગનાં ડાયરેક્ટર મનોરમા મોહંતીએ જણાવ્યું હતું કે, પશ્ચિમ દિશાનાં પવનોનાં કારણે ભેજયુક્ત હવા વરસાદ લાવશે. ડિસેમ્બર મહિનામાં મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થશે. તેમજ ૧૦ થી ૧૫ કિ.મી. પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાશે. હવામાન વિભાગ દ્વારા જેમાં ઉત્તર ગુજરાતનાં અરવલ્લીમાં વરસાદની આગાહી કરી છે. તો મહીસાગરમાં પણ સામાન્ય વરસાદની આગાહી કરી છે. સૌરાષ્ટ્રનાં અમરેલી, જૂનાગઢમાં પણ વરસાદની આગાહી કરી છે.

આગામી બે દિવસ ગુજરાતમાં વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા છે. રાજ્યમાં અમુક જગ્યાએ વરસાદી ઝાપટા પડવાની શક્યતા છે. ત્યારે સોમવારે અમદાવાદ સીટીમાં વરસાદની સંભાવના નથી. પરંતુ વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા છે. વલસાડમાં અચાનક વાતાવરણમાં પલ્ટો આવવા પામ્યો હતો. વલસાડ અને આસપાસનાં વિસ્તારમાં કમોસમી વરસાદ પડ્યો હતો. માવઠાથી ખેડૂતોનાં પાકને નુકશાનની ભીંતી સેવાઈ રહી છે. થોડા દિવસમાં બીજું માવઠું થતા ખેડૂતો ચિંતામાં મુકાઈ જવા પામ્યા છે. હવામાન વિભાગ દ્વારા ફરી રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી કરી છે. ત્યારે આગામી દિવસોમાં રાજ્યમાં છૂટાછવાયા વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. સાયક્લોનિક સર્કયુલેશન સક્રિય થતા વરસાદની સંભાવનાં વ્યક્ત કરવામાં આવી છે. ત્યારે દાહોદ, પંચમહાલ, ખેડા મહીસાગર, દક્ષિણ ગુજરાતનાં વડોદરા, ભરૂચ, નર્મદામાં વરસાદની આગાહી કરવામાં આવી છે.

### બેંકમાંથી ફોર્મ મેળવવા માટેની પણ જાહેરાત કરવામાં આવી

## સુરતમાં સરકારી આવાસ યોજનાનું ફોર્મ મેળવવા લાભાર્થીઓની લાંબી લાઈન લાગી

। સુરત,તા.૩ ।



સુરત મહાનગરમાં જહાંગીરપુરા, વેસુ, ડિંડોલી અને ભીમરાડ ખાતે સરકારી આવાસ આકાર પામનાર છે. આ અંગે ફોર્મ વિતરણ કામગીરી શરુ કરવામાંઆવતા ફોર્મ મેળવવા લોકોએ પડાપડી કરી હતી. વહેલી સવારથી જ ફોર્મ વિતરણ કરનારી બેંકો પર ફોર્મ લેવા માટે આવાસ ઈચ્છુક લોકોએ લામી લાઈન લગાવીસપનાના ઘરની ઈચ્છા પૂર્ણ કરવા પ્રયાસ હઠળ ધર્યા હતા. સુરતમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આવાસોનું નિર્માણ કરવામાં રહ્યું છે અત્યાર સુધીમાં અનેક લોકોએ આ યોજના હેઠળ ઘરની ફાળવણી મેળવી છે. આગામી દિવસોમાં વધુ આવાસ બનાવવાની જાહેરાત કરવામાં આવી રહી છે. સુરતમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ભીમરાડ ગામની પાછળ સિદ્ધિ એલીપ્સ પાસે સુમન સ્મિતમાં૯૨૮, ડીંડોલી રીજન્ટ પ્લાઝાની બાજુમાં સુમન નુપુર ખાતે ૬૩ વેસુ કેનાલ રોડ સ્થિત સુમન શિલ્પમાં ૫૪૦ અને જહાંગીરપુરા સ્થિત વિવેકાનંદ કોલેજની પાછળ ૮૦૦ કરતા વધુ આવાસ બનાવવામાં આવનાર છે. આવાસ મેળવવા માટે બેંકમાંથી ફોર્મ મેળવવા માટેની પણ જાહેરાત કરવામાં આવી છે. ફોર્મ વિતરણ શરૂ કરવામાં આવતા આવાસના ફોર્મ લેવા માટે બેંક બહાર લાઈન લાગી હતી.

## સુરતના વરાછા, કતારગામ, સેન્ટ્રલ ઝોનમાં પાણી પુરવઠો ખોરવાશે

। સુરત,તા.૩ ।

સુરતવાસીઓ માટે એક મોટા સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, આવતીકાલે એટલે કે સોમવારે સુરતના અનેક વિસ્તારોમાં પૂરતું પાણી નહીં મળે. મહત્વનું છે કે, મેટ્રોની કામગીરી દરમિયાન પાણીની લાઈન શિફ્ટ કરવાની કામગીરી કરાશે. જેને લઈ સોમવારે ૬ લાખ લોકોને પીવાનું પાણી નહીં મળે. વિગતો મુજબ સુરતના વરાછા, કતારગામ, સેન્ટ્રલ ઝોનમાં પાણી પુરવઠો ખોરવાશે. રાજ્યમાં અમદાવાદ બાદ હવે સુરતમાં પણ મેટ્રો શરૂ થવાની છે. જેને લઈ હાલ મેટ્રોની કામગીરી પુરજોશમાં ચાલી છે. આ દરમિયાન હવે સમાચાર સામે આવ્યા છે કે, મેટ્રોની કામગીરી દરમિયાન પાણીની લાઈન શિફ્ટ કરવામાં આવશે. જેથી લાઈન શિફ્ટીંગની કામગીરીને લઇ પાણી પુરવઠો બંધ રહેશે.

### રાજ્ય સરકાર મહીને રૂપિયા ૧૦ લાખની આવક જતી કરશે

## ગુજરાતના તમામ બસ પોર્ટ પર શૌચાલય ફ્રી થશે

### બસ સ્ટેશન પર સ્વચ્છતામાં વિશેષ વ્યવસ્થા ઉભી કરવા માટે આ નિર્ણય કરવામાં આવ્યો છે

। અમદાવાદ,તા.૩ ।



ગુજરાતના તમામ બસ પોર્ટ પર શૌચાલય ફ્રી કરવાના નિર્ણયનો અમલ માર્ચ મહીના બાદ કરવામાં આવશે. એસટી વિભાગ દ્વારા રાજ્યભરમાં સ્વચ્છતા અભિયાનનો આજથી આરંભ થયો છે. ત્યારે તમામ એસટી બસમાં ડસ્ટબિન મુકવાની જાહેરાત પણ કરવામાં આવી છે.

બસ સ્ટેશન પર સ્વચ્છતામાં વિશેષ વ્યવસ્થા ઉભી કરવા માટે આ નિર્ણય કરવામાં આવ્યો છે. ગુજરાત સરકાર દ્વારા નાગરિકો માટે ખૂબ જ મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારે ગુજરાતના તમામ બસ પોર્ટ અને આસપાસના શૌચાલય ફ્રી કરવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણય સાથે ગુજરાત સરકારે દર મહીને રુપિયા ૧૦ લાખની આવક જતી કરી છે, જે પે એન્ડ યુઝ ટોયલેટ થી રાજ્ય સરકારને મળી છે. આ માટે ગુજરાતના તમામ બસ પોર્ટના પે એન્ડ યુઝ કોન્ટ્રાક્ટરર્સને નોટિસ પાઠવી માર્ચ સુધીમાં છુટા કરવામાં આવશે અને બાદમાં શૌચાલયને ફ્રી કરવામાં આવશે.

ગુજરાતના તમામ બસ પોર્ટ પર શૌચાલય ફ્રી કરવાના નિર્ણયનો અમલ માર્ચ મહીના બાદ કરવામાં આવશે. એસટી વિભાગ દ્વારા રાજ્યભરમાં સ્વચ્છતા અભિયાનનો આજથી આરંભ થયો છે. ત્યારે તમામ એસટી બસમાં ડસ્ટબિન મુકવાની જાહેરાત પણ કરવામાં આવી છે.

બસ સ્ટેશન પર સ્વચ્છતામાં વિશેષ વ્યવસ્થા ઉભી કરવા માટે આ નિર્ણય કરવામાં આવ્યો છે. ગુજરાતની એસટી બસમાં લાખો લોકો મુસાફરી કરે છે, તેમના માટે ગુજરાત સરકારે મહત્વનો નિર્ણય લીધો છે. હવેથી બસ સ્ટેન્ડ પર ૨૪ કલાક સફાઈકર્મી હાજર રાખવાનો પણ નિર્ણય કરવામાં આવ્યો છે. ગુજરાતના ૧૨૫ બસ સ્ટેન્ડ અને અન્ય જગ્યાઓ પર ચૂંટાયેલા સભ્યો જેમાં ૫૫૦ થી વધુ ચૂંટાયેલા પ્રતિનિધિ સ્ટેશનની સફાઈ માટે આ અભિયાન માં જોડાયા છે. ગુજરાત **ST**એ આ બધા સાથે મળી સ્વચ્છતા અભિયાનની આજથી શરૂઆત કરી છે. લક્ઝરી બસ કરતા વધુ સારી કંઈ રીતે **ST** બસ સેવા બને તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

## દિયોદરમાંથી મોટી માત્રામાં શંકાસ્પદ સીરપનો જથ્થો પોલીસ દ્વારા કબજે કરવામાં આવ્યો

। બનાસકાંઠા, તા.૩ ।

ગુજરાતમાં ફરી એકવાર શંકાસ્પદ સીરપનો જથ્થો મળી આવ્યો છે, આ વખતે બનાસકાંઠા જિલ્લાના દિયોદરમાંથી મોટી માત્રામાં શંકાસ્પદ સીરપનો જથ્થો પોલીસ દ્વારા કબજે કરવામાં આવ્યો છે. દિયોદર પોલીસ પોતાની તપાસમાં હૉટલો અને આયુર્વેદિક દવાખાનામાં સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતુ, આ કાર્યવાહીમાં ૬૮૭૦ બૉટલો સહિત ૧૭૯ બૉક્સને જપ્ત કરવામાં આવ્યા છે, સાથે સાથે પાર્લર અને દુકાન માલિકો સામે ગુનો નોંધવામાં આવ્યો હતો.મળતી માહિતી પ્રમાણે, બનાસકાઠાં જિલ્લામાં ગઈકાલે દિયોદર પોલીસે મોટી કાર્યવાહી કરી હતી, દિયોદર પોલીસે અચાનક હાથ ધરેલી તપાસમાં શંકાસ્પદ સીરપનો મોટો જથ્થો હાથ લાગ્યો હતો, દિયોદર પોલીસે ૧૦ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી ગુનો નોંધ્યો હતો.

## વિશેષ લેખ

### આદિવાસી મહિલાને જંગલમાં કાન પાસે જીવડું કરડ્યું, ને બેક્ટેરિયા આખા શરીરમાં ફેલાયા

# ચિગાર નામક જંતુ કરડતા ઓરિએન્ટા સુસુગામુશી નામના બેક્ટેરિયાજનિત સ્ક્રબ ટાઈફસ નામની નવી ગંભીર બિમારી શું છે?



સાંપ્રત પ્રવાહો

લેખક : દીપક જગતાપ

ચિગાર નામક જંતુ કરડતા ઓરિએન્ટા સુસુગામુશી નામના બેક્ટેરિયાજનિત સ્ક્રબ ટાઈફસ નામનીનવી ગંભીર બિમારી ગુજરાતમાં જોવા મળી છે. જેનો પ્રથમ કિસ્સો નર્મદા જિલ્લામાં જોવા મળ્યો છે.આ બીમારી ઓરિએન્ટા સુસુગામુશી નામના બેક્ટેરિયાથી થાય છે.જ્યારે સંક્રમિત ચિગાર માણસ ને કરડે છે ત્યારે સ્ક્રબ ટાઈફસ થાય છે. સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં પ્રથમવાર નર્મદા જિલ્લાના ડેડિયાપાડા તાલુકાના કનબુડી ગામની ૫૧ વર્ષીય આદિવાસી મહિલાને ૧૭ દિવસની સારવાર બાદ નવજીવન મળ્યું છે. જવલ્લે જ જોવા મળતી **(Scrub Typhus)** સ્ક્રબ ટાઈફસ નામની બિમારીનું નિદાન થયું હતું. સુરત નવી સિવિલમાં આ બિમારીનો પ્રથમ કેસ નોંધાયો હોવાનું હોસ્પિટલ તંત્ર તરફથી જાણવા મળ્યું હતું. મળતી વિગતો મુજબ દેડીયાપાડાના કનબુડી ગામની મહિલાને દિવાળી પહેલા જંગલમાં સીતાફળ તોડતી વખતે કાનની નીચે જીવાતે ડંખ માર્યો હતો. તેનાથી શરૂઆતમાં કાનની નીચે તેમને સોજો આવ્યો હતો. માથામાં સખત દુઃખાવો થતા નજીકની ખાનગી હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જયાં બે દિવસની સારવાર આપ્યા બાદ ત્યાંના તબીબોએ અન્ય હોસ્પિટલમાં લઈ જવા જણાવતા પરિવારજનોએ તા.૧૭મી નવેમ્બરના રોજ નવી સિવિલમાં દાખલ કર્યા હતા. રીપોર્ટ કરાવતા તાવ, લીવર, કીડની અને ફેફસામાં સોજો હોવાનું નિદાન થયું હતું. તત્કાલ ડો. અશ્વિન વસાવાના માર્ગદર્શન હેઠળ ગૌરીબેનની સારવાર શરૂ કરવામાં આવી હતી. શરૂઆતમાં શ્વાસ લેવામાં તકલીફના કારણે ૧૦ દિવસ વેન્ટીલેટર પર રાખવામાં આવ્યા ત્યારબાદ કિડનીની સારવાર માટે ચારથી પાંચ વાર ડાયાલિસીસ કરવામાં આવ્યું હતું. આમ નિયમિત દવાઓ અને તબીબોની મહામહેનતના કારણે મહિલા સંપૂર્ણ સ્વસ્થ થયા છે.

આ બિમારીનું કારણ જાણવા માટે સુરતની ખાનગી લેબમાં તપાસ કર્યા બાદ સ્ક્રબ ટાઈફસનો રિપોર્ટ **NCDC**, દિલ્હી ખાતે મોકલવામાં આવ્યો હતો. ત્યાંથી પણ રીપોર્ટ પોઝીટીવ આવતા આ સ્ક્રબ ટાઈફસ નામની બીમારી ઓરિએન્ટા સુસુગામુશી નામના બેક્ટેરિયા થતી હોવાનું જાણવા મળ્યું. આ જીવાણુ જુ આકારનું હોય છે જેને ચિગાર કહેવામાં આવે છે. જે કરડવાના કારણે આ બીમારી થતી હોવાનું નિદાન થયું હતું.

વધુ વિગતો આપતા નવી સિવિલના તબીબી અધિક્ષક ડો.ગણેશ ગોવેકરે જણાવ્યું હતું કે, ઓરિએન્ટા સુસુગામુશી નામના બેકટેરીયાના કારણે થતી સ્ક્રબ ટાઈફસની ગંભીર બીમારી ધરાવતી મહિલાની સફળ સારવાર કરીને સ્વસ્થ કરવામાં આવી છે. જે જંતુ કરડવાના કારણે થાય છે. ખાસ કરીને ખેડુતોમાં આવી બિમારી જોવા મળે છે. સુરત સિવિલમાં પ્રથમ વાર આવી બિમારી સફળ નિદાન અને સારવાર કરવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું.

વિગતે જોઈએ તો સ્ક્રબ ટાઈફસ એ એક નવી ઉભરતી ગંભીર પ્રકારની બીમારી છે જે ભારત દેશમાં મુખ્યત્વે ઉત્તરપ્રદેશ, બિહાર, ઓરિસ્સા, હિમાચલ પ્રદેશમાં જોવા મળે છે. આ બીમારી ઓરિએન્ટા સુસુગામુશી નામના બેક્ટેરિયાથી થાય છે. જીવાણુ જુ આકારનું હોય છે જેને ચિગાર કહેવામાં આવે છે. જ્યારે સંક્રમિત ચિગાર માણસ ને કરડે છે ત્યારે સ્ક્રબ ટાઈફસ થાય છે. સામાન્ય રીતે જીવાણુનું સંક્રમણ ચોમાસા પછી ભેજવાળા વાતાવરણમાં વધારે થાય છે. નદી નાળા ધોધ વગેરે ભીનાશ વાળી જગ્યાએ આ જીવાત વધારે પ્રમાણમાં જોવા મળે છે. આ રોગમાં જીવાત કરડ્યા પછી સાતેક દિવસે તાવ, માથા નો દુખાવો, કમળો ઊલટી પેશાબ ઓછો થવો જેવા લક્ષણો જોવા મળે છે જીવાત કરડે ત્યાં એસ્કાર -સિગારના ડામ જેવું નિશાન જોવા મળે છે. આ રોગ મુખ્યત્વે કિડની, લિવર, ફેફસાં, હાર્ટ અને મગજ જેવા અવયવો પર અસર કરે છે. સારવાર ન કરવામાં આવે તો ૪૦ ટકા સુધી મૃત્યુદર જોવા મળે છે. આમ નવી સિવિલના તબીબી અધિક્ષક ડો.ગણેશ ગોવેકરના માર્ગદર્શન હેઠળ મેડિસીન વિભાગના ડો.અશ્વિન વસાવા, ડો.વિતાન પટેલ, ડો.હર્ષદ આભલા, ડો. રિયા પટેલની ટીમ દ્વારા ગૌરીબેનને સારવાર આપીને સ્વસ્થ કર્યા હતા. જે બદલ તેમના પતિ દિનેશ વસાવા તથા બન્ને દીકરીઓએ ડોકટરો પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી છે.

**લક્ષણો**

સ્ક્રબ ટાઈફસમાં લક્ષણો ચિગર્સ (લાર્વા માઈટ્સ) કરડે તેના ૧૦ દિવસોની અંદર દેખાવા લાગે છે. તાવ, નાક વહેવું, માથાનો દુખાવો, શરીર અને માંસ પેશીઓમાં દુખાવો, ચીડિયાપણું, શરીર પર ચકામા વગેરે તેના લક્ષણો છે.

સીડીસીના અહેવાલ પ્રમાણે સ્ક્રબ ટાઈફસની કોઈ વેક્સિન નથી પરંતુ તેનાથી બચી શકાય છે. તેમાં સંક્રમિત વ્યક્તિથી ઉચિત અંતર જાળવવું મહત્વનું છે. તે સિવાય ચિગર્સ હોય તેવા વિસ્તારોમાં જવાનું ટાળવું જોઈએ. ઉપરાંત સીડીસી દ્વારા લોકોને હાથ-પગ ઢાંકીને રાખવાની સલાહ આપવામાં આવી છે. લોકોને **Permahrin** કીટનાશકનો ઉપયોગ કરવાની પણ સલાહ આપવામાં આવે છે કારણ કે તેનાથી લાર્વા માઈટ્સ મરી જાય છે.



મધ્યપ્રદેશમાં એક યોજનાએ પલટી નાંખી બાજી । મહિલાઓએ ભાજપ માટે મોટી સંખ્યામાં મતદાન કર્યું, ૩૪ બેઠકો પર મહિલાઓનું પુરુષો કરતાં વધુ મતદાન

# શિવરાજના પ્રયાસોને કારણે લાડલી યોજના મહિલાઓના ખિસ્સા સુધી પહોંચી











। ભોપાલ, તા.૩ ।

માત્ર ૩ દિવસ પહેલા જ ચૂંટણીના એક્ઝિટ પોલ આવ્યા ત્યારે સીએમ શિવરાજે પ્રતિક્રિયા આપી હતી. તેમણે જણાવ્યું હતું કે બધા કહી રહ્યા છે કે કાંટે કી ટક્કર છે, કાંટે કી ટક્કર છે. લાડલી બહેનોએ બધા કાંટા કાઢી નાખ્યા હતા. ગત વખતે જ્યારે મધ્યપ્રદેશ વિધાનસભા ચૂંટણીના પરિણામો આવ્યા ત્યારે કોંગ્રેસનું કમળ ખીલ્યું હતું.

આદરમિયાનશિવરાજસિંહચૌહાણ પૂર્વ મુખ્યમંત્રીની હેસિયતથી એક સ્થાને પહોંચ્યા અને બધાની સામે કહ્યું કે ટાઈગર અભી જિંદા હે. એમપીના રાજકીય વર્તુળો પર નજર રાખનારા નિષ્ણાતો આ નિવેદનને હળવાશથી લઈ રહ્યા નથી. એવું જ થયું. જનતામાં મામા જનતા સુધી પહોંચી ગયા અને ચૂંટણીમાં ધમાકેદાર જીત મેળવી. પહેલા પેટાચૂંટણી અને હવે ૨૦૨૩ની વિધાનસભાની ચૂંટણી. પરંતુ આ વખતે તેમના ચહેરા પર સ્મિત લાવવામાં તેમની વહાલી બહેનોએ ઘણો ફાળો આપ્યો છે. ચાલો સમજીએ કે આ યોજના કેવી રીતે ભાજપ માટે ગેમ ચેન્જર સાબિત થઈ છે.

વાસ્તવમાં ભાજપની જીતમાં અનેક પરિબળો કામ કરી ગયા છે, જેમાં હાઈકમાન્ડની રણનીતિ પણ સામેલ છે. પરંતુ લાડલી બ્રાહ્મણ યોજના પણ આમાં મહત્વપૂર્ણ રોલ નિભાવી ગઈ છે. ચૂંટણી પ્રચાર દરમિયાન શિવરાજે લાડલી યોજના હેઠળ રાજ્યની લગભગ ૧ કરોડ ૩૧ લાખ મહિલાઓના ખાતામાં ૧૨૫૦ રૂપિયાના બે હપ્તા મોકલ્યા હતા. તેનો પૂરો ફાયદો ભાજપ ને મળ્યો. શિવરાજ જ્યાં પણ પ્રચાર કરવા જતા હતા ત્યાં તેઓ ઉત્સાહપૂર્વક આ યોજનાના વખાણ કરતા હતા. તેઓ પોતે આ યોજના પર નજર રાખતા જોવા મળ્યા હતા અને અધિકારીઓ અને મંત્રીઓને કહેતા જોવા મળ્યા હતા કે આ યોજના યોગ્ય રીતે લાગુ થાય તે સુનિશ્ચિત કરવામાં આવે અને એવું જ થયું. શિવરાજના પ્રયાસથી લાડલી યોજનાની પહોંચ મહિલાઓના ખિસ્સા અને જીભ બન્ને સુધી પહોંચી ગઈ. તેનો સીધો પ્રભાવ મતદાનમાં દેખાયો.



## મહિલાઓએ મોટી સંખ્યામાં ભાજપને મતદાન કર્યું

**આ વખતે ચૂંટણીમાં લગભગ ૩૪ વિધાનસભા બેઠકો પર મહિલાઓએ પુરૂષો કરતાં વધુ મતદાન કર્યું, જેના કારણે ભાજપને સ્પષ્ટ ફાયદો થતો જોવા મળી રહ્યો છે. એટલું જ નહીં, પીએમ મોદી પોતે પણ તેમની ઘણી ચૂંટણી સભાઓમાં લાડલી યોજનાનો ઉલ્લેખ કરતા જોવા મળ્યા હતા. આ શિવરાજ માટે એક બીજી મનોવૈજ્ઞાનિક લીડ સાબિત થઈ રહી છે. જો કે મધ્યપ્રદેશમાં પીએમ મોદીના ચહેરા પર ચૂંટણી લડવામાં આવી હતી, પરંતુ શિવરાજની યોજનાઓના યોગદાનને ઓછું આંકી શકાય નહીં. પીએમ મોદીએ રાજ્યમાં લગભગ ૧૪ રેલીઓ કરી. દરેક રેલીમાં પીએમ મોદીએ સરકારની કલ્યાણકારી યોજનાઓનો ઉલ્લેખ કર્યો અને તેમના કામ પર વોટ માંગ્યા. ગૃહમંત્રી અમિત શાહે ચૂંટણી માટે રણનીતિ બનાવી છે. હવે જોવાનું એ રહે છે કે ભાજપ મધ્યપ્રદેશની કમાન કોના હાથમાં સોંપે છે. શિવરાજને ફરીથી તાજ પહેરાવવામાં આવશે કે પરિવર્તન થશે?**

### રાજકુમારી મોટો પડકાર બની શકે છે

## વસુંધરા રાજે તેમની પરંપરાગત ઝાલરાપાટન બેઠકથી ચૂંટણી જીત્યા

રાજસ્થાન વિધાનસભામાં ચૂંટણી પરિણામ જાહેર થયા છે. પ્રાથમિક વલણો અનુસાર રાજસ્થાનની જનતાએ દર ૫ વર્ષમાં સરકાર બદલવાના રિવાજને કાયમ રાખ્યો છે અને ૫ વર્ષના વનવાસ બાદ બીજેપીને એકવાર ફરીથી સરકારમાં પાછી લાવ્યા છે. એવામાં રાજ્યના આગામી સીએમ કોણ હશે. તેના પર અલગ અલગ અંદાજો લગાવવામાં આવી રહ્યા છે. પાર્ટીને સત્તામાં વાપસી જોઈને પ્રદેશ ભાજપના મજબૂત નેતા અને રાજ્યના બે વખત સીએમ રહી ચૂકેલા વસુંધરા રાજે ફરી એકવાર મોટું પદ મેળવવા માટે સક્રિય થઈ ગયા છે.

વસુંધરા રાજે ફરી એકવાર તેમની પરંપરાગત ઝાલરાપાટન બેઠક પરથી ચૂંટણી જીત્યા છે. તેમણે ચૂંટણીમાં તેમના નજીકના હરીફ કોંગ્રેસના રામલાલ ચૌહાણને હરાવ્યા હતા. તેઓ ૨૦૦૩થી સતત આ બેઠક પરથી ધારાસભ્ય છે. આ વિધાનસભા બેઠક ઝાલાવાડ-બારણ જિલ્લામાં આવે છે, જ્યાંથી તેમના પુત્ર દુષ્યંત સિંહ સાંસદ છે. વસુંધરા રાજે સિંધિયા ગ્વાલિયરના સિંધિયા રાજવી પરિવારની પુત્રી છે. તેમની માતાનું નામ વિજયારાજે સિંધિયા અને પિતાનું નામ જીવાજી રાવ સિંધિયા હતું. તેઓ ગ્વાલિયરના છેલ્લા મહારાજા હોવાનું કહેવાય છે. વસુંધરાના લગ્ન ધોલપુર રાજવી પરિવારના હેમંત સિંહ સાથે થયા હતા. જોકે લગ્નના થોડા સમય બાદ બંને અલગ થઈ ગયા હતા. જે બાદ તે રાજકારણમાં સક્રિય થઈ અને રાજસ્થાનની પ્રથમ મહિલા મુખ્યમંત્રી બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું. રાજસ્થાનમાં આ વાત પર ચર્ચા જોર પકડી રહી છે કે શું આ વખતે પણ વસુંધરા રાજે સિંધિયા પર દાવ લગાવશે કે પછી તેઓ અચાનક કોઈ અન્ય નેતાની મુખ્યમંત્રી તરીકે જાહેરાત કરશે. આ પ્રશ્ન એટલા માટે ઉભો થઈ રહ્યો છે કારણ કે વસુંધરાના તમામ પ્રયાસો છતાં ભાજપે તેમને આ વખતે મુખ્યમંત્રી તરીકે રજૂ કરવાની ના પાડી દીધી હતી. આવી સ્થિતિમાં આ બાબતો મજબૂત થઈ રહી છે કે ભાજપ આ વખતે વસુંધરાને તક આપવાના મૂડમાં નથી.







## તંત્રી લેખ...

# પશ્ચિમી દેશોનો ખાલિસ્તાન પ્રેમ

હવે એમાં કોઈ શંકા નથી રહી કે કેનેડા, બ્રિટન, અમેરિકા વગેરેમાં ખાલિસ્તાની ચરમપંથી આ દેશોની સરકારોના ખુલ્લા સમર્થનથી પોતાની ભારત વિરોધી ગતિવિધિઓને અંજામ આપી રહ્યા છે. આ દેશો એ ખાલિસ્તાની અતિવાદીઓની અરાજક ગતિવિધિઓ પ્રત્યે જાણીજોઈને આંખો મીંચી રાખે છે, જે ભારત માટે ખતરો છે. તેનું તાજું ઉદાહરણ છે શીખ ફોર જસ્ટિસના પ્રમુખ ગુપતવંત સિંહ પન્નુ દ્વારા આપવામાં આવેલી ધમકી કે શીખો ૧૯ નવેમ્બરે એર ઈન્ડિયાના વિમાનોમાં યાત્રા કરવાથી બચે. અમેરિકાની સાથે કેનેડાની પણ નાગરિકતા ધરાવતો પન્નુ એમ કહેવા માંગતો હતો કે એ દિવસે એર ઈન્ડિયાના વિમાનોના એ જ હાલ થઈ શકે છે, જે કનિષ્ક વિમાનના થયા હતા. ૧૯૮૫માં એર ઈન્ડિયાના આ વિમાનને ખાલિસ્તાની આતંકીઓએ આકાશમાં જ બોમ્બથી ઉડાવી દીધું હતું. તેમાં ૩૨૯ લોકો માર્યા ગયા હતા. પન્નુની આ ધમકી બાદ પણ ના તો અમેરિકાએ કંઈ કર્યું કે ના કેનેડાએ. ઉપરથી એક નવું ગતકડું વહેતું મૂકાયું કે કોઈ ભારતીય દ્વારા પન્નુને મારવાની કોશિશ કરવામાં આવી હતી. એવું જ ગતકડું ખાલિસ્તાની આતંકી હરદીપ સિંહ નિજ્જરની હત્યાને લઈને કેનેડા સરકારે છોડ્યું હતું. અમેરિકા, કેનેડા, બ્રિટન વગેરેમાં ખાલિસ્તાનીઓ કઈ રીતે બેલગામ છે, તેની જાણ ગત દિવસોમાં ન્યૂયોર્કના ગુરુદ્વારામાં ભારતીય રાજદૂત સાથે ધક્કામુક્કીની કોશિશથી થાય છે. થોડા સમય પહેલાં બ્રિટનના એક ગુરુદ્વારામાં પણ ભારતીય રાજદૂત સાથે ગેરવર્તન થયં હતું. એના પહેલાં પણ બ્રિટન, અમેરિકા અને કેનેડામાં ભારતના દૂતાવાસો સમક્ષ ખાલિસ્તાન સમર્થકો અરાજકતા ફેલાવી ચૂક્યા છે. જ્યાં સાન ફ્રાન્સિસ્કોમાં ભારતના વાણિજ્ય દૂતાવાસમાં આગચંપી કરવામાં આવી હતી, ત્યાં જ લંડનમાં ભારતીય દૂતાવાસ પર હુમલાની કોશિશ દરમ્યાન ભારતીય ધ્વજનો અનાદર કરવામાં આવ્યો હતો. ખાલિસ્તાની ચરમપંથી કેનેડામાં પણ ભારતીય દૂતાવાસ પર બોમ્બ ફેંકી ચૂક્યા છે. તે ઉપરાંત તેઓ કેનેડામાં કાર્યરત ભારતીય રાજદ્વારીઓનાં પોસ્ટર લગાવીને તેમને મારી નાખવાની ધમકીઓ આપતા રહે છે. કેનેડા સરકાર આ બધી હરકતોને અભિવ્યક્તિની સ્વતંત્રતાના દાયરામાં ગણાવી દે છે. જોકે કેનેડાની જસ્ટિન ટહડો સરકાર રાજકીય કારણોસર ખાલિસ્તાન સમર્થકો પર કંઈક વધુ પડતી જ મહેરબાન છે, તેથી તે સંપૂર્ણ રીતે બેલગામ થઈ ગયા છે. આ તેમના વધતા દુસ્સાહસનું જ પ્રમાણ છે કે તેઓ કેનેડામાં હિંદુ મંદિરોને પણ નિશાનો બનાવવા લાગ્યા છે. હાલમાં જ દિવાળીના અવસરે પણ કેનેડાના હિંદુ મંદિરો સમક્ષ ખાલિસ્તાની તત્ત્વોએ ન માત્ર ઉગ્ર પ્રદર્શન કર્યા, બલ્કે હિંદુઓને મંદિરોમાં જવાથી રોકવાની પણ કોશિશ કરવાની સાથે ભારતીય ધ્વજનો અનાદર પણ કર્યો. કેનેડા, અમેરિકા, બ્રિટન વગેરે દેશોમાં સક્રિય ખાલિસ્તાની ક્યારેક ભારતીય ધ્વજ બાળે છે તો ક્યારેક તેને ફૂટબોલમાં લપેટીને તેનાથી રમે છે. આવી હરકતો જોઈને કોઈપણ ભારતીયનું લોહી ઉકળી ઉઠે. ગત દિવસોમાં કેનેડામાં હિંદુ સમુદાયના લોકો ખાલિસ્તાનીઓ વિરુદ્ધ સડકો પર પણ ઉતર્યા હતા. ખાલિસ્તાન સમર્થકોની હરકતો જેહાદીઓ જેવી થઈ ગઈ છે. તેઓ ભારત સરકાર જ નહીં, ભારતની પણ ઘૃણા કરે છે અને હિંદુઓને લાંછિત-અપમાનિત કરવામાં ગર્વ અનુભવે છે. તેઓ એ શીખોને પણ ધમકાવે અને આતંકિત કરે છે જે ખાલિસ્તાનની માંગને બકવાસ ગણાવે છે.

## રસાળ અને સુરેખ વાર્તાઓનો સંગ્રહ

'રંગોળી' રમણ મેકવાનનું તાજેતરમાં પ્રગટ થયેલું વાર્તા સંગ્રહનું પુસ્તક છે. પ્રથમ મુખપૃષ્ઠ ઉપર વિવિધ રંગોની ડિઝાઈન આકર્ષક છે. છેલ્લા મુખપૃષ્ઠ ઉપર લેખક દ્વારા આ વાર્તાઓ સામયિકોમાં પ્રગટ થઈ વાચકોનો સારો પ્રતિભાવ મેળવી ચૂકી હોવાની વાત છે. 'પ્રસ્તાવના'માં શાંતિલાલ મેકવાન લખે છે કે બધી વાર્તાઓ સુંદર છે. લેખક જીવનયાત્રાના ૭૮મા વર્ષે આવી પહોંચ્યા છે. જૂની અને નવી પેઢીને સાંકળી લેખનકાર્ય કરે છે. લેખકે આ પુસ્તક વ્હાલા દીકરા-દીકરી ચિ.મેહુલ તથા અ.સૌ. સેજલને હર્ષપૂર્વક અર્પણ કર્યું છે. ૮૮ પૃષ્ઠ ઉપર તેર વાર્તાઓ પ્રગટ થઈ છે. 'સામનેવાલી ખિડકી'માં કેશવકાકા અને રતનકાકીના પાત્રો છે. કાકીનું મૃત્યુ થતાં કાકા પુનર્લગ્ન કરે છે. પત્ની માણેક દીકરી હેજલને સાથે લઈ આવે છે. કાકાનું અવસાન થયા પછી દિવાળીમાં દાઝેલી હેજલનું મૃત્યુ થાય છે. 'છોકરમત'માં મિત્રો દ્વારા મજાક કરવાની ટેવ અને પરિણામ દર્શાવ્યા છે. 'સાચું સરનામું'માં કેન્સરમાં પત્ની ગુમાવેલ પુરુષની વ્યથા અને બીજાને સહાયક બનવાની ભાવના છે. 'અમથી શી વાતનું વતેસર'માં લાલજીકાકા અને રતનશીમાસીના સુખદ દામ્પત્ય જીવન અને સામાન્ય કુદરતી બાબતને કારણે આત્મહત્યા સુધી પહોંચતી વાત છે. 'સુગંધ વગરનું ફૂલ'માં પ્રવાસ દરમ્યાન વિદેશની ધરતી ઉપરના અનુભવોનું સુંદર ચિત્રણ દર્શાવ્યું છે. 'અભાગણ'માં નિવૃત્તિનાં પાંચ વર્ષ બાકી અને પત્ની સુશીલાનું અવસાન થતાં વિધુરનું લેબલ લાગે છે. બાળક હતું નહીં. સહકર્મી નરોત્તમભાઈની દરખાસ્ત મુજબ બાર વર્ષની છોકરી, જે અપરમાના ત્રાસથી પરેશાન હતી, તેને સ્વીકારે છે. 'સ્મશાનનો માણસ'માં રામુની પત્ની સુનંદાનું બીમારી બાદ અવસાન થયું. ઓફિસમાં સાથે કામ કરતાં વાસંતીબેન સાથે તેના સંબંધો બંધાયા. 'મિત્રનું મર્ડર'માં વાર્તાનાયક અને રાજેશની અનહદ મૈત્રી અને નશાની આદતની વાત છે. પત્ની શશી દ્વારા રાજેશ પર ગોળી છોડી મારવાની વાત આવી. બીજા દિવસે પતિ શશીને જેલમાં મળવા ગયો. રડીને શાંત થયેલી પત્નીને કહ્યું, 'તારું ટાર્ગેટ હું હતો ને?' 'ઈમરજન્સી'માં ડોક્ટર રાજન વૈષ્ણવને ડ્રાઈવર મોહન કારમાં કેન્સરના સેમિનારમાં લઈ જતો હતો. કાર બગડતાં એક ઝૂંપડી પાસે અટક્યા. માજીએ તાપણું સળગાવી રોટલો અને દૂધનો નાસ્તો આપ્યો. માજીના બીમાર છોકરાને તપાસતાં ગળાનું કેન્સર પકડાયું. એમ્બ્યુલન્સ મંગાવી સારવાર માટે પેલા છોકરાને હોસ્પિટલ લઈ ગયા. તમામ વાર્તાઓમાં મોટાભાગે ગ્રામ્ય પરિવેશનો પ્રભાવ જણાય છે. ગામઠી શબ્દો પણ ધ્યાન ખેંચે છે. વાતાવરણ અનુસાર ભાષાનો પ્રભાવ જણાય છે. સંવાદો પણ ચોટદાર અને અસરકારક છે. મોટાભાગની વાર્તાઓ ગ્રામ્ય પરિવેશમાં જણાય છે. પાત્રોના નામ પણ તેના મુજબ જોવા મળે છે. છેલ્લા મુખપૃષ્ઠ પર પણ રંગીન અને સુંદર પતંગિયાનાં ચિત્રો તથા ડિઝાઈન વચ્ચે સુંદર વાત થઈ છે. રમણ મેકવાન લખે છે કે લાલ, પીળા, લીલા, વાદળી અને તરેહના રંગોથી સજાવેલી રંગોળી મનભાવ રહે છે. આમાં મોટાભાગની વાર્તાઓ જલારામ દીપ, અખંડ આનંદ, મમતા વાર્તા માસિક અને મુંબઈ સમાચારના દિપોત્સવી અને વસંત અંકમાં પ્રગટ થઈ ચૂકી છે અને વાચકોનો સારો એવો પ્રતિભાવ મેળવી ચૂકી છે. ઈ.સ. ૧૯૬૦માં મુંબઈના એક સામયિકમાં તેમનું પ્રથમ પ્રાગટ્ય થયું હતું.

# વશિષ્ઠ ઋષિ એ ત્રેતા યુગ પહેલા પણ હતાં અને ત્રેતામા શ્રી રામના જન્મ માટે પણ કારણભૂત હતાં



**સદગુરુ વચનામૃત**

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ .સમયનો આ મોડ વિજ્ઞાનની રીતે એકદમ ફળદાયી છે, પણ વિજ્ઞાન એટલી હદે માનવીને કાયમી ખુશ રાખી શકતું નથી! ટૂંકમાં એને આજે પણ આનંદ માટે અહીં તહીં ભટકવું પડે છે. કાળ ગણના પ્રમાણે સમય સમયનું કામ કરે છે, અને આમ એક પછી એક યુગ ચક્રાકારે ગતિ કરે છે. વિતી ગયેલા સમય પર એક નજર કરીએ તો ઋષિ એ એક એવું ચરિત્ર હતું, જે સમાજ વ્યવસ્થા માટે બહુ જ ઉપયોગી હતાં. ઋષિની જો કોઈ વ્યાખ્યા કરવી હોય તો, સંસાર સંન્યાસ ને જોડતી કડી, કે જે પૂર્ણરૂપે સંસારી હોવા છતાં સંન્યાસી જેમ જીવે છે. આજે હવે ઋષિ નથી, પણ ઋષિ ચરિત્ર જોવા મળે છે, અને એ પૂરાં સમાજને પોતાનો સમજી એનાં દુઃખ દર્દ દૂર કરવા સતત પ્રયત્નશીલ રહે છે. ઋષિનું જીવન ઋજુતા ભરેલું હોય છે, ઋષિ ચરિત્ર ધરાવતા વૈદિક શાસ્ત્રો અનુસાર જીવન જીવાય તો જીવનને પૂર્ણતા સુધી લઈ જઈ શકાય છે. છેક સુધી સ્થિર માનસ ધરાવીને જીવી શકાય, માટે સદગુરુ ઋષિ વિશે ચિંતન કરાવી રહ્યા છે. આપણા વૈદિક શાસ્ત્રોની રચનાના પાયામાં ઋષિઓ છે, ઋષિ પરંપરા એ ભારતીય સંસ્કૃતિનું આભૂષણ છે. ઋષિ લોકકલ્યાણ માટે ઉપવનમાં રહી તપ કરીને બ્રહ્મ વિદ્યા તેમજ બીજી જીવન જીવવા જરુરી વિદ્યા પ્રાપ્ત કરતાં હતાં, અને પછી આ વિદ્યા સમાજના જુદા જુદા વર્ગ અને કુળ અનુસાર તેમના બાળકને આ વિદ્યાની શિક્ષા આપી, તેમને ગુણવાન તેમજ વિદ્યાવાન બનાવતા. આપણે પ્રભુ શ્રી રામના જન્મના મુખ્ય સૂત્રધાર એવા ગુરુ વશિષ્ટ પર ચિંતનમાં વાત કરીશું.

આમ તો તેના નામ એટલે કે વશિષ્ઠ જ તેનામાં વિશિષ્ટ ગુણ હોવાની આપણને પ્રતીતિ થાય છે, જે આપણે આગળ જોઈશું. સર્વપ્રથમ તો રાજા દશરથનાં કુલગુરુ,અને ભગવાન શ્રી રામના ગુરુ તરીકે આપણે સૌ વશિષ્ઠ ઋષિ ને ઓળખીયે છીએ. વશિષ્ઠ બ્રહ્માના દસ માનસ પુત્ર માના એક છે, અને ભગવાન મનુ પણ આ વાત સાથે સંમત છે. પરંતુ સવાયંભુવ મન્વંતરમાં તેમના જન્મનો ઉલ્લેખ જોવા મળે છે. વશિષ્ઠ ઋષિ વરુણદેવ તથા મિત્રાના સંતાન તરીકે વર્ણવાયા છે. એકવાર દેવોના એક સમારંભમાં વરુણદેવ અને મિત્રા પહોંચ્યાં, ત્યાં આગળ ઉર્વશી નામની અપ્સરાને જોઈ ને વરુણ દેવ મોહગ્રસ્ત થયાં, અને તેમનું તેજ સ્ખલિત થયું, અને આ તેજ અડધું કુંભમાં પડયું, અને અડધું વસુ એટલે કે પાણીમાંથી પડ્યું. આ પાણીમાંથી એમનો ઉદ્ભવ થયો હોવાથી એનું નામ વશિષ્ઠ અને કુંભમાંથી જેનો ઉદ્ભવ થયો તેનું નામ અગસ્ત્ય એટલે કે કુંભજ ઋષિ. વશિષ્ઠ ઉદ્ભવ પામી તરત જ ઉપવનમાં તપ માટે જતાં રહ્યાં હતાં.

વેદ વેદાંતમાં પારંગત, તત્વજ્ઞન તપસ્વી પ્રખર ધનુર વિદ્યાના જાણકાર, ઉત્સાહી, કર્મકાંડી, અને ઉત્તમ વક્તા, અને ઉત્તમ લેખક, એવાં ઋષિ વશિષ્ઠનો આશ્રમ હિમાલયના એક શિખર પર હતો, અને તેથી એ શિખર હજી પણ વશિષ્ઠ શિખર તરીકે ઓળખાય છે. વશિષ્ઠ ઋષિના લગ્ન કદર્મ ઋષિની પુત્રી અરુંધતી સાથે થયા હતા, અને વશિષ્ઠ ઋષિને ઉર્જા નામની બીજી પત્ની પણ હતી. વશિષ્ઠ ઋષિ એ પોતાની પત્ની અરુંધતીને કેળવણી આપી જ્ઞાની બનાવી હતી,અને ત્યારબાદ અરુંધતી એ વેદ પર ભાષ્ય લખ્યું હતું. અરુંધતીને શક્તિ જેવા સો પુત્રોની માતાનો ઉલ્લેખ બતાવાયો છે, પણ વશિષ્ઠ ઋષિ ના દસ પુત્રો બતાવ્યા છે.

આ ઉપરાંત કામધેનું ગાયની પુત્રી નંદિની પણ વશિષ્ઠ ઋષિના આશ્રમનું એક નજરાણું હતી, જે અતિથિનો એની ઈચ્છા અનુસાર સત્કાર કરવા માટે જાણીતી હતી. વિશ્વામિત્ર પણ નંદિનીને જોઈને તેને મેળવવા માટે લાલાયિત થયા હતાં, પરંતુ બ્રહ્મદેવ જેવા ઋષિનું બ્રહ્મજ્ઞાન જોઈ અને તેમણે પોતાનું ક્ષાત્રત્વ ત્યજી દીધું હતું, અને ત્યારબાદ તેમણે પણ ઋષિની જેમ તપસ્યા શરૂ કરી હતી, અને ઈતિહાસ જણાવે છે, તેમ ઋષિ વિશ્વામિત્ર પણ પ્રખર પ્રજ્ઞાવાન અને ગાયત્રી મંત્રના પ્રણેતા બન્યા. નંદીની નામની ગાય વશિષ્ઠ ઋષિને દીલિપ નામના રાજા એ આપી હતી.

વશિષ્ઠ ઋષિ એ ઘણા બધા ગ્રંથોની રચના કરી છે, તેમાં વસિષ્ઠ સ્મૃતિ નામનો ગ્રંથ ઉત્તમ કહેવાય છે, અને તેના ૨૧ અધ્યાય બતાવાયા છે. આ ઉપરાંત વસિષ્ઠ નામનો ઋગ્વેદમાં પણ એક અધ્યાય છે. આમ એમણે જીવન પર્યંત વિશિષ્ઠ કાર્ય કરી પોતાના નામને સિધ્ધ કર્યું.

ભગવાન શ્રી રામના જન્મ માટેના તે મુખ્ય સૂત્રધાર હતાં, કારણકે પાછલી અવસ્થા સુધી જ્યારે ત્રણ ત્રણ રાણી હોવા છતાં પુત્ર પ્રાપ્તિ ન થઈ, ત્યારે રાજા દશરથ અત્યંત પીડા અનુભવીને પોતાના ગુરુ એવા વશિષ્ઠ ઋષિને પોતાને મનની વાત કહી. ગુરુ વશિષ્ટ બ્રહ્મ વેત્તા હતાં, અને તેમણે શાસ્ત્ર અનુસાર પુત્રકામેષ્ટિ યજ્ઞ દ્વારા પુત્ર પ્રાપ્તિ થઈ શકે છે, એવું વિધાન રાજાને કહ્યું, અને એ માટે પુત્ર કામેષ્ઠિ યજ્ઞ કરનાર શૃંગી ઋષિનું સૂચન પણ કર્યું. રાજા દશરથ એ આ વાત તરત સ્વીકારી લીધી, અને પુત્રકામેષ્ટિ યજ્ઞ કર્યો. યજ્ઞનાં અંતે અગ્નિ દેવ પ્રસન્ન થતાં પ્રસાદનો ચરુ પ્રાપ્ત થયો, આ પ્રસાદના વિભાજનથી પ્રભુ શ્રી રામનો જન્મ થયો. ગુરૂ વશિષ્ઠ દશરથનાં કુલગુરુ ઉપરાંત એક સાચાને સારા સલાહકાર પણ હતાં. તેઓ અયોધ્યામાં તેમજ ઉપવનમાં રહેતા હતાં, અને સમયે-સમયે રાજ્ય તેમજ રાજાની સુખાકારી માટે સૂચનો કરતા હતાં. રાજા પ્રજા બન્ને અંદરોઅંદર એકબીજાના સાથ-સહકારથી સુખી રહે, એ વાત પણ તેમણે રાજાને સમજાવી હતી. આમ વશિષ્ઠ ઋષિ એ ત્રેતા યુગ પહેલા પણ હતાં, અને ત્રેતા યુગમાં પ્રભુ શ્રી રામના જન્મ તેમજ તેમને બ્રહ્મ વિદ્યા અને ધનુર્વિદ્યા શીખવવા માટેના શ્રેષ્ઠ ગુરુ પણ હતાં.

વિધાતાના ખેલ ને ત્યારે પણ કોઈ સમજી શક્યું નહીં, અને આજે પણ સમજી શકાતાં નથી. જેના ઘર ધન-ધાન્યથી ભરેલા છે, એમને સંતાન નથી હોતાં,જ્યારે ઝૂંપડામાં વસનારાઓ ના ઘરે સંતાનોની લાઈન હશે. એટલે કે મહેલમાં રહેતાં દશરથને સંતાન ન હોવાની ગ્લાનિ હતી, અને આવી ગ્લાનિ યોગ્ય ઠેકાણે રજુ થઈ તો પ્રભુ શ્રી રામ જેવા પુત્ર પ્રાપ્ત થાય. તો શ્રવણના અંધ મા બાપનો શ્રાપ પણ માત્ર દશરથના મૃત્યુ માટે નહોતો, ભગવાન શ્રી રામના જન્મ માટે પણ કારણભૂત બન્યો. એટલે કે તેમને પુત્ર થાય તો તેના વિયોગમાં તેનું મૃત્યુ બતાવ્યું, એટલે ક્યારેય કોઈનો શ્રાપ પણ આ રીતે શુભ મંગલ કરનારો હોય છે. વિધિ-વિધાન કે વિધાતા ના લેખ આ ભારતીય સંસ્કૃતિની અદકેરી વાત છે, બીજા કોઈ સંસ્કૃતિ કે ધર્મમાં વિધાતાને એટલી સ્ટ્રોંગ રીતે માનવામાં આવતી નથી. આપણા લેખમાં વિધાતાએ શું લખ્યું હશે! તેની ખબર નથી. પરંતુ હિન્દુસ્તાની ધરતી પર જન્મ આપ્યો છે, એટલે કંઈક તો સારું લખ્યું જ હશે, અને કદાચ આપણે જ આ સંસ્કૃતિનું જતન કરી શકીએ, એવું પણ લેખમાં લખ્યું હોય શકે! તો આપણે સૌ એવી સંસ્કૃતિ ના વશંજ છીએ કે જ્યાં પાણી માંથી પણ પુત્ર પ્રાપ્ત થાય,અને અગ્નિ પણ પ્રસન્ન થઈ પુત્ર માટે વરદાન (પ્રસાદ) આપી શકે છે. હવે તો આ સંસ્કૃતિની મહત્તાને સમજો!! આપણે સૌ વશિષ્ઠ ઋષિ જેમ યુગો યુગો સુધી આ સંસ્કૃતિ માટે કંઈક કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહવંદન અને જય સીયારામ.

# જમતાં પહેલાં વિચાર કરવો કે મારે હાથે કંઈ પાપ તો થયું નથી ને? જે દિવસે પાપ થયું હોય તે દિવસે ઉપવાસ કરજો, પાપ ફરી થશે નહીં



**વિશેષ**

યશપાલસિંહ ટી. વાઘેલા



બુદ્ધિ બગડે એટલે માનવું કે,કાંઈક અશુભ થવાનું છે. પાપ થઈ જાય તેનો વિચાર કરી શરીરને તેની સજા કરો. જમવા પહેલાં વિચાર કરવો કે,મારે હાથે કંઈ પાપ તો થયું નથી ને? જે દિવસે પાપ થયું હોય, તે દિવસે ઉપવાસ કરજો. પાપ ફરી થશે નહીં. ધન્ય છે પરીક્ષિત રાજાને કે જીવનમાં એકવાર જ પાપ કર્યું છે,પણ પાપ કર્યા પછી પાણી પણ પીધું નથી. તે વખતે પરીક્ષિતે સાંભળ્યું કે, મને ઋષિકુમારનો શ્રાપ થયો છે. પરીક્ષિતે કહ્યું,સારું થયું! પરમાત્માએ મારા પાપની સજા કરી! સંસારના વિષયસુખમાં હું ફસાયેલો હતો, એટલે મને સાવધ કરવા પ્રભુએ કૃપા કરી. મારા માટે પ્રભુએ રામાવતાર ધારણ કર્યો છે. પરીક્ષિત ઘરનો ત્યાગ કરી ગંગા કિનારે આવ્યા. ગંગાસ્નાન કર્યું. અન્નજળનો ત્યાગ કરી હવે ભગવત સ્મરણ કરે છે. મોટા મોટા ઋષિઓને આ વાતની ખબર પડતાં વગર આમંત્રણે તેઓ ત્યાં આવ્યા. ઋષિઓએ વિચાર્યું કે, પરીક્ષિત હવે રાજા રહ્યા નથી, રાજર્ષિ બન્યા છે.રાજાના વિલાસી જીવનનો અંત આવ્યો છે. એટલે ઋષિઓ રાજાને મળવા આવ્યા. પરીક્ષિત ઊભા થાય છે. એક-એક ઋષિને પ્રણામ કરી પૂજા કરે છે.

પરીક્ષિતે ઋષિઓ પાસે કરેલું પાપ જાહેર કર્યું. મેં પવિત્ર બ્રાહ્મણના ગળામાં સાપ નાખ્યો. હું અધર્મી છું. મારો ઉદ્ધાર કરો. મારું મરણ સુધરે તેવો ઉપાય બતાવો. મને બીક લાગે છે.મેં મરણ માટે તૈયારી કરી નથી.લોકો પાપ છૂપાવે છે અને પુણ્યને જાહેર કરે છે, પણ પાપ છુપાવશો નહીં અને પુણ્યને પ્રગટ કરશો નહીં. સમાજમાં પાપ જાહેર કરવાથી પાપની આદત છૂટે છે.

પરીક્ષિતે મૃત્યુની વેદનાનો વિચાર કર્યો. જન્મ-મૃત્યુ-દુઃખના વિચારથી પાપ છૂટે છે. તેણે ઋષિઓને કહ્યું, સાત દિવસમાં મને મુક્તિ મળે તેવું કરો. મરણ કાંઠે આવેલા મનુષ્યનું કર્તવ્ય શું છે તે મને બતાવો. સમય થોડો છે. તેથી જ્ઞાનની મોટી મોટી વાત કરશો તો સમય પૂરો થઈ જશે. મને એવી વાત કહો, એવો ઉપાય બતાવો કે જેથી પરમાત્મા ના ચરણમાં લીન થાઉં.મને એવી કથા સંભળાવો કે જેથી મને મુક્તિ મળે.

ઋષિઓ વિચાર કરવા લાગ્યા. અમે અનેક વર્ષોથી તપશ્ચર્યા કરી એ છીએ તેમ છતાં એમને પણ ચિંતા રહે છેકે,મુક્તિ મળશે કે નહીં એમને પણ મૃત્યુની બીક લાગે છે. અંતકાળે એકદમ એમનું નામ ઓષ્ઠ ઉપર આવવું મુશ્કેલ છે. તો માત્ર સાત દિવસમાં રાજાને મુક્તિ કેમ મળે?મરણ નજીકનો સમય અતિ નાજુક હોય છે. જલદી હોઠે ચડતું નથી. મહાજ્ઞાની ઓને પણ મરણ સમયે બીક લાગે છે.કોઈ ઋષિ પરીક્ષિત રાજાને ઉપદેશ આપવા તૈયાર થયા નહીં. કોઈની બોલવાની હિંમત ચાલી નહીં. પરીક્ષિત વિચારવા લાગ્યો કે,આ ઋષિઓ સમર્થ છે તેમ છતાં મને ઉપદેશ આપવા તૈયાર નથી. જગતના જીવો ભલે મારો ત્યાગ કરે પણ હું મારા ભગવાનને શરણે જઈશ. ભગવાન નારાયણ કૃપા કરશે. ઈશ્વર વિના હવે મારું કોઈ નથી. પરીક્ષિતે ઈશ્વરનું શરણ લીધું ભગવાનની સ્તુતિ કરી. દ્વારિકાનાથને યાદ કર્યા. કહે, હે પ્રભુ, મેં કંઈ સત્કર્મ કર્યું નથી. આ બ્રાહ્મણો મને ઉપદેશ આપવા તૈયાર નથી, કારણ હું અધર્મી છું, પણ મને શ્રદ્ધા છે કે જે પરમાત્મા એ બ્રહ્માસ્ત્રર્થ ગર્ભમાં મારું રક્ષણ કર્યું તે મારું રક્ષણ જરૂર કરશે. હું પાપી છું,દુષ્ટ છું,નિર્દય પણ ભગવાનનો છું. નાથ તમારો છું. બીજા કોઈનો નથી.

હે દ્વારિકાનાથ,હું આપને શરણે આવ્યો છું,આપે મારો જન્મ સુધાર્યો છે તો હવે મરણ સુધારો. પરમાત્માએ શુકદેવજીને પ્રેરણા કરી કે ત્યાં પધારો. ચેલો લાયક છે. પરીક્ષિતનો જન્મ સુધારવા દ્વારિકાનાથ પોતે આવેલા પરંતુ મુક્તિ આપવાનો અધિકાર શિવજીનો છે એટલે પરીક્ષિતનું મરણ સુધારવા ભગવાને શિવજીને કહ્યું એટલે શિવજીના અવતાર શુકદેવજી ત્યાં પધારે છે. વાસનાનું વસ્ત્ર પડી ગયું હતું. શુકદેવજી દિગમ્બર છે.સોળ વર્ષની અવસ્થા છે. અવધૂતનો વેશ છે.કેડ ઉપર કંદોરો નહીં તો લંગોટી ક્યાંથી હોય? ઘુંટણ સુધી લાંબા હાથ છે. વિશાળ વક્ષઃસ્થળ છે. દૃષ્ટિ નાસિકાના અગ્ર ભાગ ઉપર સ્થિર છે.મોઢા ઉપર વાળની લટો વિખ રાયેલ છે. વર્ણ શ્રીકૃષ્ણ જેવો શ્યામ છે, અતિ તેજસ્વી છે. શુકદેવજીની પાછળ બાળકો ધૂળ ઊડાડે છે. નાગો બાવો જાય, નાગો બાવો જાય! કહી બૂમો પાડે છે. પરંતુ શુકદેવજીને તેનું ભાન નથી.વક બ્રહ્માકાર છે.બ્રહ્મ ચિંતન કરતાં દેહનું ભાન ભૂલ્યા છે. પરમાત્મા ધ્યાનમાં જે દેહભાન ભૂલે છે. તેના શરીરની કાળજી પરમાત્મા પોતે રાખે છે. પરમાત્મા કહે છે કે, આને દેહની જરૂર નથી પર મને આ દેહ ની જરૂર છે.એમના આગમનથી ચારે તરફ પ્રકાશ ફેલાયો. મુનિઓ જાણી ગયા! ચહુ વેહસંક રજ નો અવતાર શ્રી શુકદેવજી પધાર્યા છે. વ્યાસજી પણ તે સભામાં હતા તે પણ ઊભા થઈ વંદન કરે છે. વ્યાસજી વિચારે છે કે ભાગવતનું રહસ્ય શુકદેવજી જાણે તેવું હું જાણતો નથી. મારો દીકરો કથા કરશે અને હું સાંભળીશ.

સુવર્ણના સિંહાસન ઉપર શુકદેવ જી બિરાજ્યા. પરીક્ષિતે આંખો ઊઘાડી. મારો ઉદ્ધાર કરવા પ્રભુ એ આમને મોકલ્યા છે.નહીંતર મારા જેવા વિલાસીને ત્યાં, પાપીને ત્યાં તેઓ આવે નહીં. પરીક્ષિતે શુકદેવજીના ચરણમાં સાષ્ટાંગ પ્રણામ કર્યા પછી પ્રાર્થના કરીઃ હું અધર્મી છું, મારો ઉદ્ધાર કરો. જેનું મરણ નજીક આવેલું છે તેણે શું કરવું જોઈએ?મનુષ્યમાત્રનું કર્તવ્ય શું?તેણે કોનું શ્રવણ,કોનો જપ, કોનું સ્મરણ અને કોનું ભજન કરવું જોઈએ?

ગુરુદેવ શુકદેવજીનું હૃદય પીગળી ગયું. ચેલો લાયક અધિકારી શિષ્ય મળે તો ગુરુને થાય કે હું મારું સર્વ સ્વ તેને આપી દઉં. ગુરુ બ્રહ્મનિષ્ઠ હોય,નિષ્કામ હોય અને શિષ્ય પ્રભુદર્શન માટે આતુર હોય તો સાત દિવસ શું સાત મિનિટમાં પ્રભુના દર્શન કરાવે છે. બાકી ગુરુ લોભી હોય,ચેલો લૌકિક સુખની લાલચથી આવ્યો હોય તો બંને નરકમાં પડે છે.

શુકદેવજી કહે છે : રાજા, તું શું કરવા ગભરાય છે? સાત દિવસ તો બહુ થઈ કયા. હું તારી પાસે કાંઈ લેવા આવ્યો નથી, તને આપવા આવ્યો છું મને જે આનંદ મળ્યો છે, મને પરમાત્માનાં દર્શન થયાં છે તેનાં દર્શન તને કરાવવા હું આવ્યો છું. મને જે મળ્યું છે તે તને આપવા આવ્યો છું.રાજા,મારા પિતાજી તો ભૂખ લાગે ત્યારે દિવસમાં એક વખત બોર ખાતા,પણ શ્રીકૃષ્ણ કથામાં મને એવો આનંદ આવે છે કે મને બોર પણ યાદ આવતાં નથી મારા પિતાજી વસ્ત્ર પહેરાવતાં. પણ પ્રભુ ચિંતનમાં વસ્ત્ર ક્યાં ગયું તેની પણ મને ખબર નથી. સાત દિવસમાં તને શ્રીકૃષ્ણનાં દર્શન કરાવીશ.

શુકદેવજીને ભગવાન બાદરાયણિ કહ્યા છે. બાદરાયણિને બદલે શુક લખ્યો હોય તો ન ચાલત? ભાગવતમાં એક પણ શબ્દ વ્યર્થ નથી લખ્યો. શુકદેવજીનો વૈરાગ્ય બતાવવા આ શબ્દ વાપર્યો છે. શુકદેવજી બાદરાયણ-વ્યાસજીના પુત્ર છે. વ્યાસજીનું તપ કેવું હતું? વૈરાગ્ય કેવો હતો?વ્યાસજી આખો દિવસ જપ તપ કરતા અને દિવસ માં ભૂખ લાગે ત્યારે ફક્ત બોર ઉપર જ રહેતા એટલે બોર ઉપરથી એમનું નામ પડયું બાદરાયણ. તેવા બાદરાયણના આ પુત્ર છે. જેનામાં પુષ્કળ જ્ઞાન વૈરાગ્ય હોય તે બીજાને સુધારી શકે. શુકદેવજીમાં તે બંને ગુણ હતા. આજના સુધારકમાં ત્યાગ, સંયમ જોવામાં આવતા નથી. તે બીજાને શું સુધારવાનો હતો? મનુષ્ય પહેલાં પોતે પોતાને જ સુધારવા પ્રયત્ન કરે. શુકદેવજીએ રાજાને હિંમત આપી કે, રાજન, જે સમય ગયો છે તેની ફિકર કરીશ નહીં, ભવિષ્યનો પણ વિચાર કરીશ નહીં.ફક્ત વર્તમાનને સુધારજે. રાજન્ સાત દિવસ બાકી છે.નારાયણનું સ્મરણ કર તારું જીવન સધરશે.

લૌકિક રસ ભોગવનારને પ્રેમરસ મળતો નથી.ભક્તિ રસ મળતો નથી.જેણે કામને છોડયો છે એ જ રસિક છે. જગતના રસ કડવા છે. પ્રેમરસ જ મધુર છે. ઈન્દ્રિયોનો ગુલામ થયો તેને કાળ પકડે છે.

શુકદેવજી પરીક્ષિતને આશ્વાસન આપે છે કે, તારે હજી જીવવાના સાત દિવસ બાકી છે પછી ચિંતા શું છે? ભગવાનના નામમાં એવી શક્તિ છે કે એક પળમાં માણસનો મોક્ષ કરે તો અહીં તો હજી સાત દિવસ છે. તું ચિંતા છોડ. તારા પર તો પ્રભુની પરમ કૃપા છે.તને ગર્ભ વાસમાં પ્રભુએ દર્શન દીધાં હતાં અને હવે મૃત્યુની પળની પણ તને અગાઉથી ખબર પડી છે. પરમાત્મા તારું કલ્યાણ કરશે જ, અને તારા નિમિત્તે જગત માત્રના જીવો જે ભક્તિમય બનશે તેમનું કલ્યાણ થશે.પ્રાણીમાત્રનું ગર્ભાવસ્થામાં પરમાત્મા રક્ષણ કરે છે. પછી જુવાનીમાં જીવ એ ભૂલી જાય છે એટલે માર ખાય છે.



### નવીનતમ ચિત્રો ચાહકોને શંકાસ્પદ બનાવે છે

# શું બાદશાહ પાકિસ્તાની અભિનેત્રી હાનિયા આમિરને ડેટ કરી રહ્યો છે?

। મુંબઈ, તા.૩ ।

બાદશાહને કોણ નથી ઓળખતું? ભારતીય રેપરે પોતાના માટે પૂરતું નામ અને ખ્યાતિ બનાવી છે. તેમના કેટલાક પ્રખ્યાત ગીતોમાં કાલા ચશ્મા, ચાલો નાચો, ગેંડા ફૂલ અને વધુનો સમાવેશ થાય છે. રેપર આજે તેના ગીતો માટે નહીં પરંતુ તેની કથિત લવ લાઈફ માટે હેડલાઈન્સમાં છે. બાદશાહ હેડલાઈન્સમાં રાજ કરી રહ્યો છે કારણ કે પાકિસ્તાની અભિનેત્રી હાનિયા આમિર સાથેની તેની તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ છે. હાનિયાએ જ આ તસવીરો ઈન્સ્ટાગ્રામ પર મજેદાર કેપ્શન સાથે શેર કરી હતી. આ તસવીરોને કારણે તેમાંથી બે

## દુબઈથી રેપર બાદશાહ અને પાકિસ્તાની એક્ટ્રેસ હાનિયા આમિરની તસવીરો વાયરલ થઈ છે, તસવીરોને કારણે તેઓ કપલ હોવાની બાતમી

ડેટિંગ કરી રહ્યાં હોવાની અટકળો શરૂ થઈ છે. હાનિયા આમિરે તસવીરો શેર કરતાની સાથે જ કેપ્શનમાં લખ્યું, “બાળકો ખરીદી કરવા ગયા”. તે બંને દુબઈમાં સાથે શોપિંગ કરવા ગયા હોવાનું જણાય છે. અભિનેત્રીએ તેમાંથી બે હસતાં હસતાં તસવીરો શેર કરી છે. ત્યાં એક અન્ય વિડિયો પણ છે જે દર્શાવે છે કે તેમાંથી બેએ સાથે કોફીનો આનંદ માણ્યો હતો. તેમના ચહેરા પરના વિશાળ સ્મિત સાથે કોઈ કહી શકે છે કે તેઓએ તેમનો સમય સાથે માણ્યો હતો. જ્યારે અટકળો ચાલી રહી હતી, ત્યારે ઘણા લોકો હાનિયા અને બાદશાહના બચાવમાં આવ્યા હતા અને પ્રશ્ન કર્યો હતો કે શા માટે બે લોકો મિત્ર ન હોઈ શકે. એક ટિપ્પણીમાં લખ્યું હતું કે, “જો બે મિત્રો હેંગ આઉટ કરી રહ્યા હોય તો એવું કેમ માની લેવામાં આવે છે કે તેઓ ડેટિંગ કરી રહ્યા છે?!” અન્ય અહેવાલમાં વાંચવામાં આવ્યું, “હવે એક છોકરી સેલ્ફી પણ લઈ શકતી નથી ! અફવાઓ ફેલાવવામાં આવી છે. હાનિયા આમિર અને બાદશાહની અફવાઓ જાન્યુઆરી મહિનામાં શરૂ થઈ જ્યારે રેપરે તેની એક પોસ્ટ પર ટિપ્પણી કરી. ત્યારબાદ ચાહકોએ ઘણીવાર સોશિયલ મીડિયા પર બંને વચ્ચે વાતચીત કરતા જોયા છે.



## સૈમ બહાદુરની સ્ક્રીનિંગમાં વિકી સાથે પહોંચી કેટરીના

। મુંબઈ, તા.૩ ।

વિકી કૌશલની ફિલ્મ સૈમ બહાદુર ૧ ડિસેમ્બરના રોજ રીલિઝ થઈ રહી છે. રિલીઝ પહેલા મુંબઈમાં ફિલ્મનું સ્ક્રીનિંગ રાખવામાં આવ્યું હતું. જેમાં કેટરિના કૈફ અને વિકી કૌશલ ટ્વિનિંગ કરીને પહોંચ્યા હતા. વિકી કૌશલ કેટરિના કૈફ સાથે તેની આગામી ફિલ્મ ‘સૈમ બહાદુર’ના સ્ક્રીનિંગમાં પહોંચ્યો હતો. આ દરમિયાન બંને બ્લેક આઉટફિટમાં ટ્વિનિંગ કરતા જોવા મળ્યા હતા. આ કપલ રેડ કાર્પેટ પર પહોંચ્યુ અને પાપારાઝીને ઘણા પોઝ આપ્યા હતા.

કેટરીનાનો ગ્લેમરસ લુક તેના પતિ વિકીની ફિલ્મની સ્ક્રીનિંગમાં જોવા મળ્યો હતો. તેણે ઓફ શોલ્ડર બ્લેક શોર્ટ પહેર્યુ હતું. આ લુકમાં કેટરીના કૈફ ખૂબ જ સુંદર લાગી રહી હતી. તેમજ રેડ કાર્પેટ પર કપલ વચ્ચે જબરદસ્ત કેમેસ્ટ્રી જોવા મળી હતી. વિદ્યા બાલન પણ તેના પતિ સિદ્ધાર્થ રોય કપૂર સાથે ફિલ્મની સ્ક્રીનિંગમાં હાજરી આપી હતી. બંનેએ વિકી અને કેટરીના સાથે પોઝ આપ્યા હતા. આ દરમિયાન કેટરીના કૈફ પણ અભિનેત્રી વિદ્યા બાલનનો હાથ પકડીને તેની સાથે વાત કરતી જોવા મળી હતી.



# વિદેશથી ૧૦૦ થી વધુ શાહરૂખ ખાનના ચાહકો ફિલ્મ જોવા ભારત આવી રહ્યા છે

। મુંબઈ, તા.૩ ।

શાહરૂખ ખાનની ફેન ફોલોઈંગ વિશે તો બધા જાણે છે. ભારતમાં જ નહીં વિદેશમાં પણ તેના ચાહકો છે. કિંગ ખાને ૨૦૨૩માં ચાર વર્ષ પછી મોટા પડદા પર પુનરાગમન કર્યું છે અને ફરી એકવાર સાબિત કર્યું છે કે તે સુપરસ્ટાર છે. આ વર્ષે પહેલા શાહરૂખ ખાનની ‘પઠાણ’ અને પછી ‘જવાન’ આવી. હવે તેની ફિલ્મ ‘ડંકી’ રિલીઝ માટે તૈયાર છે અને તેના ચાહકોમાં એટલો ક્રેઝ છે કે તે વિદેશથી ભારત આવી રહ્યા છે.  જણાવી દઈએ કે શાહરૂખ ખાનની આગામી ફિલ્મ ૨૨ ડિસેમ્બરે રિલીઝ થઈ રહી છે અને વિદેશમાં રહેતા કિંગ ખાનના ચાહકો તેના માટે લાંબી મુસાફરી કરવાના છે. ૧૦૦ થી વધુ લોકો તેમના પરિવાર સાથે આ ફિલ્મ જોવા માટે ભારત આવી રહ્યા છે. વાત એમ છે કે ફિલ્મનું ટ્રેલર એવું છે કે તેને જોયા પછી વિદેશમાં વસતા દરેક ભારતીયને પોતાનો દેશ યાદ આવે છે. આ ફિલ્મમાં ભારતીય ગામડાઓના દ્રશ્યો અને લાગણીઓ દર્શાવવામાં આવી છે, જે વિદેશમાં રહેતા ભારતીયના મનમાં ઘરે પરત ફરવાનો વિચાર લાવવા માટે પૂરતા છે. તેથી, વિશ્વના વિવિધ ખૂણેથી કિંગ ખાનના ચાહકો ભારતમાં આવીને તેમના પરિવાર અને મિત્રો સાથે આ ફિલ્મની મજા માણવા માંગે છે. આ ફિલ્મ જોવા માટે નેપાળ, કેનેડા, યુનાઈટેડ સ્ટેટ્સ, યુનાઈટેડ આરબ અમીરાત અને અન્ય દેશોમાંથી ચાહકો ભારત આવી રહ્યા છે. સૂત્રોનું માનીએ તો ડંકી એ દરેક દેશમાં બતાવવામાં આવશે જ્યાં કિંગ ખાનના ચાહકો રહે છે. ‘ડંકી’ ૨૨મી ડિસેમ્બરે રિલીઝ થઈ રહી છે. ફિલ્મ ડંકી રિલીઝ માટે તૈયાર છે અને તેના ચાહકોમાં એટલો ક્રેઝ છે કે તે વિદેશથી ભારત આવી રહ્યા છે. પહેલા ફિલ્મનું ટીઝર અને હવે ડ્રોપ ૧ અને ૨ ફેન્સનો ક્રેઝ વધારવા માટે પૂરતા છે.  ‘ડંકી’ ‘માં શાહરૂખ ખાન સાથે તાપસી પન્નુ, બોમન ઈરાની, તાપસી પન્નુ, વિકી કૌશલ, વિક્રમ કોચર, અનિલ ગ્રોવરે રંગીન પાત્રો ભજવ્યા છે. આ ફિલ્મ જિયો સ્ટુડિયો, રેડ ચિલીઝ એન્ટરટેઈનમેન્ટ અને રાજકુમાર હિરાણી ફિલ્મ્સ દ્વારા બનાવવામાં આવી છે અને રાજકુમાર હિરાણી અને ગૌરી ખાન દ્વારા નિર્મિત છે. આ ફિલ્મ અભિજાત જોશી, રાજકુમાર હિરાની અને કનિકા ઢીલ્લોને લખી છે. શાહરૂખ ખાનની આ ફિલ્મનું ટ્રેલર ૭ ડિસેમ્બરે રિલીઝ થવાનું હતું, જે હવે નહીં થાય. ચાહકો માટે ખરાબ સમાચાર છે. ફિલ્મના ટ્રેલરનું નવું રિલીઝ શું હશે તે અંગે નિર્માતાઓએ કોઈ માહિતી આપી નથી.

# એનિમલના ૫ ડાયલોગ પર સેન્સર બોર્ડની ચાલી કાતર

। મુંબઈ, તા.૩ ।

રણબીર કપૂર, બોબી દેઓલ અને રશ્મિકા મંદાના સ્ટારર ફિલ્મ એનિમલના રિલીઝને હવે બે દિવસ બાખી છે. ૧ ડિસેમ્બરેના રોજ ફિલ્મ મલ્ટીપ્લેક્સમાં રિલીઝ થવા માટે તૈયાર છે. ફિલ્મના રિલીઝ પહેલા બધા સ્ટાર કાસ્ટ હાલમાં ફૂલ ટૂ પ્રમોશનમાં લાગી રહ્યા છે. ફિલ્મના દરેક સ્ટાર્સ પ્રમોશનમાં વ્યસ્ત છે. જો કે હવે આ મુવી રેકોર્ડ બનાવી શકશે કે નહીં એ પણ જોવાનું રહ્યું. ફિલ્મને એ સર્ટિફિકેટ આપ્યા પછી અનેક બદલાવ કરવામાં આવ્યા છે. ફિલ્મના સીનથી લઈને ડાયલોગમાં અનેક પ્રકારના ચેન્જીસ કરવાની ફરજ પડી છે. મળતી માહિતી અનુસાર ફિલ્મમાં જ્યાં અપશબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો એ હવે બદલી લેવામાં આવ્યો છે. આટલું જ નહીં, ફિલ્મના સબટાઈટલ્સમાં પણ ચેન્જીસ કરવામાં આવ્યા છે. ફિલ્મના એક સીનમાંથી બ્લેક શબ્દ કાઢી નાખવામાં આવ્યો છે. આ શબ્દ ફિલ્મમાં ૧ કલાક અને ૩૧ મિનિટ અને ૯ સેકન્ડ પર હતો, જે હવે તમને સાંભળવા મળશે નહીં. આ સિવાય એક સીનના કોસ્ટયુમ શબ્દ બદલીને વસ્ત્ર કરવામાં આવ્યો છે. આ શબ્દ ફિલ્મમાં ૧ કલાક ૫૬ મિનિટ અને ૨૦ સેકેન્ડ પર હતો, જે હવે તમે નહીં સાંભળી શકો. આ સિવાય કભી નહીં અને ક્યા બોલ રહે હો આપ જેવા ડાયલોગમાં પણ ચેન્જીસ કરવામાં આવ્યા છે. ૨ કલાક ૧૩ મિનિટ અને ૫૧ સેકન્ડ પર પણ એક ચેન્જીસ કરવામાં આવ્યા છે, જેમાં નાટક શબ્દને મ્યૂટ કરવામાં આવ્યો છે. વિજય અને જોયા વચ્ચેના ઈન્ટીમેન્ટ સીનને પણ બદલવામાં આવ્યો છે. ફિલ્મમાં ક્લોઝઅપ શોટ ડિલીટ કરવામાં આવ્યા છે. ૨ કલાક ૨૮ અને ૩૭ સેકેન્ડ પર આ ચેન્જીસ થયા છે. એનિમલ મુવીમાં સેન્સર બોર્ડ દ્વારા કરવામાં આવેલા ચેન્જીસ હાલમાં ખૂબ વાયરલ થઈ રહ્યા છે.






## ‘એનિમલ’ ચાહકોને તાવ આવ્યો, થિયેટરોમાં ફોડ્યા ફટાકડા

। મુંબઈ, તા.૩ ।

રણબીર કપૂરની ફિલ્મ ‘એનિમલ’નો ક્રેઝ ફેન્સમાં ગાંડો થઈ રહ્યો છે. રણબીર કપૂરની ફિલ્મ દરમિયાન ચાહકોએ થિયેટરોમાં ફટાકડા ફોડ્યા હતા અને તેનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. બોલિવૂડ એક્ટર રણબીર કપૂરની ફિલ્મ ‘એનિમલ’ શુક્રવારે એટલે કે ૧લી ડિસેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. જ્યારથી આ ફિલ્મની ઘોષણા કરવામાં આવી છે ત્યારથી તેના વિશે ભારે ચર્ચા છે. રણબીર કપૂરની ફિલ્મ ‘એનિમલ’ની સફળતા ફિલ્મના પ્રથમ દિવસના કલેક્શનમાં સ્પષ્ટપણે જોવા મળે છે. લોકોને આ ફિલ્મ ખૂબ જ પસંદ આવી રહી છે અને લોકો ફટાકડા ફોડી રહ્યા છે. આ દરમિયાન, સિનેમા હોલનો એક વીડિયો સોશિયલ મીડિયા પર



વાયરલ થઈ રહ્યો છે જેમાં તમે ફિલ્મ ‘એનિમલ’ દરમિયાન લોકોને ફટાકડા ફોડતા જોઈ શકો છો. લોકો રણબીર કપૂર અને બોબી દેઓલની ફિલ્મ ‘એનિમલ’ને ખૂબ પસંદ કરી રહ્યા છે. આ ફિલ્મને લગતો એક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે.

# અંકિતા બિગ બોસ ૧૭ માટે દર અઠવાડિયે ૧૨ લાખ રૂપિયા લે છે



## પતિ વિકી જૈન સાથે ભાગ લીધો, આ વર્ષે તેણે આખરે વિવાદાસ્પદ રિયાલિટી શોનો ભાગ બનવાનું નક્કી કર્યું

। મુંબઈ, તા.૩ ।

ટીવી અભિનેત્રી અંકિતા લોખંડેને આજે કોઈ ઓળખની જરૂર નથી. બિગ બોસ ૧૭માં દર્શકોના દિલમાં સ્થાન મેળવવાથી લઈને દર્શકોના દિલ જીતવા સુધીની અભિનેત્રીએ ઘણી ફેન ફોલોઈંગ મેળવી છે. અંકિતા લોખંડે હાલમાં બિગ બોસ ૧૭ ના ઘરની અંદર બંધ છે, અહેવાલો અનુસાર, અભિનેત્રી રિયાલિટી શોના નિર્માતાઓ પાસેથી દર અઠવાડિયે મોટી ફી વસૂલે છે. અંકિતા લોખંડે લાંબા સમયથી ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલી છે, તે બિગ બોસ ૧૭ માટે દર અઠવાડિયે મોટી રકમ વસૂલે છે. રિપોર્ટ અનુસાર, અંકિતા બિગ બોસ ૧૭ માટે દર અઠવાડિયે ૧૨ લાખ રૂપિયા લે છે. અનેક વખત અંકિતાને બિગ બોસની ઓફર કરવામાં આવી હતી, જોકે અભિનેત્રીએ આ ઓફરનો ઈનકાર કર્યો હતો. આ વર્ષે તેણે આખરે વિવાદાસ્પદ રિયાલિટી શોનો ભાગ બનવાનું નક્કી કર્યું અને તેના પતિ વિકી જૈન સાથે ભાગ લીધો. રિયાલિટી શો બિગ બોસ ૧૭માં અંકિતા લોખંડે અને તેના પતિ વિકી જૈન વચ્ચેના સંબંધોમાં ઘણા ઉતાર-ચઢાવ આવ્યા છે. એવા ઘણા પ્રસંગો હતા જ્યારે દંપતી વચ્ચે ગેરસમજણો થઈ હતી. હોસ્ટ સલમાન ખાને પણ વિકીને અંકિતાનું અપમાન કરવા બદલ ઠપકો આપ્યો હતો. બિગ બોસ સીઝન ૧૭ના સ્પર્ધક અંકિતા લોખંડે અને વિકી જૈન વચ્ચેના સંબંધો રિયાલિટી શોમાં પ્રવેશ્યા બાદથી ઘણી સમસ્યાઓમાંથી પસાર થયા છે. લેટેસ્ટ એપિસોડમાં બતાવવામાં આવ્યું હતું કે અંકિતા લોખંડે અને વિકી




# સાલારના ટ્રેલરમાં જોવા મળી KGFની ઝલક

। મુંબઈ, તા.૩ ।

પ્રભાસની મોસ્ટ અવેટેડ ફિલ્મ સલાર પાર્ટ ૧ સીઝફાયરનું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. ઘણા સમયથી આ ફિલ્મને લઈને ચાહકોમાં ભારે ચર્ચા ચાલી રહી છે. હવે ફિલ્મનું ટ્રેલર જોઈને ચાહકો ખુશી ઝુમી રહ્યાં છે. ટ્રેલર રિલીઝ થતાની સાથે જ તે સોશિયલ મીડિયા પર લોકપ્રિય થઈ ગયું છે. આ અંગે દરેક જગ્યાએ ચર્ચા થઈ રહી છે. ફેન્સને પ્રભાસનો લુક ખુબ પસંદ આવી રહ્યો છે. લોકો તેમની એક્શનના ખુબ વખાણ કરી રહ્યા છે. પ્રશાંત નીલના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મનું દમદાર ટ્રેલર તમને ગમશે. ટ્રેલરમાં પ્રભાસની દમદાર એન્ટ્રી જોઈ શકાય છે. અભિનેતા ફુલ ઓન એક્શન મોડમાં જોવા મળી રહ્યો છે. જો કે, ટ્રેલર જોતી વખતે તમને ક્યારેક KGF જેવું લાગશે. આ એટલા માટે છે કારણ કે ટ્રેલરમાં એક્શન સીન તેમજ ડાર્ક અને માઈન્સ સીન પણ છે, જે તમને દ્રચ્હ્લની યાદ અપાવે છે. તમને જણાવી દઈએ કે મેકર્સે ફિલ્મનું ટ્રેલર તેલુગુ સિવાય અન્ય ભાષાઓમાં પણ રિલીઝ કર્યું છે. ટ્રેલરમાં પ્રભાસ ઉપરાંત જગપતિ બાબુ અને પૃથ્વીરાજ સુકુમારન પણ દમદાર ભૂમિકામાં જોવા મળી રહ્યા છે. તમને જણાવી દઈએ કે આ ફિલ્મમાં પ્રભાસની સાથે શ્રુતિ હાસન જોવા મળશે. આ ફિલ્મ આ વર્ષે ૨૨ ડિસેમ્બરે રિલીઝ થશે. ફિલ્મનું આ દમદાર ટ્રેલર જોયા પછી એમ કહેવું ખોટું નહીં હોય કે આ ફિલ્મ ‘KGF’ અને ‘બાહુબલી’ જેવી ફિલ્મોના રેકોર્ડ તોડી શકે છે. સાલારની જાહેરાત થઈ ત્યારથી જ પ્રભાસની આ બિગ બજેટ ફિલ્મને લઈને ઘણી ચર્ચા થઈ રહી છે.







**ઓમકારસિંહ ચૌહાણ સંતરામપુર, તા.૩**

દેશ ભરમાં હાર્ટ એટેકના દર્દીઓમાં થઈ રહેલ વધારાને ધ્યાનમાં રાખી રાજ્યની ૩૭ મેડિકલ કોલેજો ખાતે ૨૫૦૦ થી વધુ તજજ્ઞો દ્વારા ગુજરાતના ૨ લાખથી વધારે શિક્ષકો માટે CRP ટ્રેનિંગ અભિયાનનું આયોજન કરવામાં આવેલ છે જેના ભાગરૂપે કેબિનેટ આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી શ્રી પ્રો. ડૉ. કુબેરભાઈ ડિંડોર સાહેબે આજે જી.એમ.ઈ.આર. એસ. મેડિકલ કોલેજ સંલગ્ન જનરલ હોસ્પિટલ ગોધરા દ્વારા જિલ્લા શક્ષણાધિકારીશ્રી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, પંચમહાલ-ગોધરા ના સંયુક્ત ઉપક્રમે આયોજિત "Cardio Pulmonary Resuscitation" શિક્ષણ સજ્જતા તાલીમ અંતર્ગત ઉપસ્થિત રહી આરોગ્ય વિભાગના અધિકારીઓ પાસે તાલીમ વિશેની જાણકારી મેળવી તથા સમાજમાં જાગૃતિ લાવવા માટે ઉપસ્થિત સૌને સહભાગી બનવા સંબોધિત કર્યા. આ દરમિયાન મોરવા હડફ ધારાસભ્ય શ્રીમતી નિમિષાબેન સુથાર તથા આરોગ્ય વિભાગના અધિકારીઓ સહિત શિક્ષકગણ ઉપસ્થિત રહ્યા હતા.

# ઝાલોદ તાલુકાના નાનસલાઈ થી લીમડી જતાં રસ્તા પર બાઇક સવારના અડફેટે એક રાહગીરનું મોત : બાઇક ચાલક બાઇક મૂકી ફરાર

**પંકજ પંડિત**
**। ઝાલોદ, તા.૩ ।**

તારીખ ૦૨-૧૨-૨૦૨૩ ના શનિવારના રોજ આસરે સાંજે ૬:૩૦ વાગ્યાના અરસામાં નવી વસાહત, નાનસલાઈ મુકામે રહેતા કડકીયા વિરકા ગરાસિયા ઘરની બહાર કુદરતી હાજતે જવા નીકળેલ હતા ત્યારે ઝાલોદ તરફથી પૂરપાટ બેફીકરાઈ પૂર્વક ચલાવીને આવતો અજાણ્યો મોટરસાયકલ સવાર જે નાનસલાઈ થી લીમડી તરફના રસ્તા પર જતો હતો જે ગાડીનો નંબર GJ-20-BA-2864 હતો તેની મોટરસાઈકલ થી કડકીયા વીરકા અડફેટે આવી જતાં રોડ પર ફેંકાઈ ગયેલ હતા તેથી તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ થવા પામેલ હતી. તાત્કાલિક તેનાં પરિવારજનો દ્વારા ૧૦૮ માં ઝાલોદ ધૂન હોસ્પિટલમાં ઘાયલ અવસ્થામાં લાવવામાં આવેલ હતા પરંતુ ઈજા વધુ ગંભીર હોવાથી ઈજા થયેલ દર્દીને દાહોદ ઝાયડસ ખાતે સારવાર માટે દાખલ કરવામાં આવેલ હતા ત્યાં સારવાર દરમ્યાન રાત્રે ૧૧:૩૦ વાગે દર્દીને મૃત જાહેર કરવામાં આવેલ હતા ત્યાર બાદ મૃત પામેલ કડકીયા વીરકાના પરિવારજનો દ્વારા ઝાલોદ પોલીસ સ્ટેશનમાં આ અંગે ફરીયાદ કરવામાં આવેલ હતી.

# બોરીદ્રા શાળાના બાળકોએ રજૂ કરેલ શોર્ટ ફિલ્મ "બ્રહ્માંડ ની શોધ"ની વિશ્વ કક્ષાએ ગ્લોબલ સાયન્સ ઓપેરામાં પસંદગી પામી

## બોરીદ્રા શાળાના બાળકો અને શિક્ષકોએ ભજવેલી ફિલ્મને મળેલી ભવ્ય સફળતા

**। દીપક જગતાપ રાજપીપળા, તા.૩ ।**



બોરિદ્રાના બાળકલાકારોની અનોખી કલા દ્વારા તૈયાર થયેલ શોર્ટ ફિલ્મ બ્રહ્માંડ ની શોધ.. વિશ્વ કક્ષાએ ગ્લોબલ સાયન્સ ઓપેરા ઉપર રજૂ થયેલ છે. આજે પણ બ્રહ્માંડ ની જાણકારી માટે નવા નવા પ્રયોગો થઈ રહ્યા છે ત્યારે GSO ઉપર બોરીદ્રા શાળાના બાળકોએ અદભુત અભિનય કલા દ્વારા બ્રહ્માંડ ની જાણકારી આપી હતી.

બ્રહ્માંડનો જન્મ એક મહાન વિસ્ફોટના પરિણામે થયો હતો. જેને મહાવિસ્ફોટ સિદ્ધાંત અથવા બિગ બેંગ થિયરી કહેવામાં આવે છે. જે મુજબ લગભગ બાર થી ચૌદ અબજ વર્ષ પહેલાં આખું બ્રહ્માંડ અણુ એકમના રૂપમાં હતું.

GSO એ વિશ્વ કક્ષાએ વિજ્ઞાન ની વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓનો પ્રચાર પ્રસાર કરે છે ત્યારે મંથન લોક વિજ્ઞાન કેન્દ્ર નર્મદા અને ગ્લોબલ સાયન્સ ઓપેરાના સહયોગ થી બોરીદ્રા શાળાના બાળકો એ "બ્રહ્માંડ ની શોધ " વિશે જાણકારી આપતું એક શોર્ટ ફિલ્મ રજૂ કરી હતી. શાળાનાં મુખ્ય શિક્ષક અનિલ મકવાણા અને વિજ્ઞાન શિક્ષક ફાલ્ગુનીબેન પટેલે બાળકો ને તૈયાર કરવામાં સહયોગ આપ્યો હતો. ગ્લોબલ સાયન્સ ઓપેરા અમદાવાદના સહ કનવીનર કથન કોઠારીની હાજરીમાં સાયન્સ ડ્રામા નું ફિલ્મ્ રૂપે બોરીદ્રા મુકામે શૂટિંગ કરવામાં આવ્યું હતું. બ્રહ્માંડ ની શોધ ડશોર્ટ ફિલ્મમાં ધ્રુવ તારા વિશે, બ્રહ્માંડ ની શોધ વિશે અને ચમકતા તારા વિશે બાળકોએ કોમેડી, આનંદ આપે અને પારિવારીક જીવનમાં મનોરંજન સાથે વિજ્ઞાનની જાણકારી આપે તેવું ઉત્તમ શોર્ટ ફિલ્મ રજૂ કરી હતી. બાળકોએ અને બોરીદ્રા શાળાનાં મુખ્ય શિક્ષક અનિલ મકવાણાની મહેનત રંગ લાવી છે. અને વિશ્વ કક્ષાએ ગ્લોબલ સાયન્સ ઓપેરા ઉપર આ શોર્ટ ફિલ્મ ની પસંદગી થઈ છે અને તાજેતરમાં GSO ઉપર વિશ્વ કક્ષાએ રજૂ થયેલ છે. નર્મદા જિલ્લા ની પહેલી એવી બોરીદ્રા શાળા છે કે જેનું બ્રહ્માંડ ની શોધ શોર્ટ ફિલ્મ વિશ્વ કક્ષાએ ગ્લોબલ સાયન્સ ઓપેરા ઉપર ફિલ્મ સ્વરૂપે રજૂ થયેલ છે.

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી અને લેડી ગવર્નર દર્શનાદેવીજીની વંદે ભારત એક્સપ્રેસમાં અમદાવાદથી સુરત સુધીની સફર



**। ગાંધીનગર, તા.૩ ।**

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને લેડી ગવર્નર શ્રીમતી દર્શનાદેવીજીએ આજે ભારતની સૌથી ઝડપી, આધુનિક, આરામદાયક અને સૌથી લોકપ્રિય ટ્રેન વંદે ભારત એક્સપ્રેસમાં અમદાવાદથી સુરત સુધીની સફર કરી હતી. પ્રાકૃતિક કૃષિની સમીક્ષા બેઠકમાં ભાગ લેવા સુરત જવા આજે તેમણે વંદે ભારત એક્સપ્રેસમાં યાત્રા કરી હતી.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને શ્રીમતી દર્શનાદેવીજી સામાન્ય મુસાફરોની માફક અમદાવાદ રેલવે સ્ટેશન પહોંચ્યા હતા. પ્લેટફોર્મ પર અન્ય મુસાફરોનું અભિવાદન ઝીલતાં ઝીલતાં તેઓ રેલ્વે કોચમાં પ્રવેશ્યા ત્યારે સહપ્રવાસીઓએ અહોભાવ પૂર્વક પ્રસન્નતા વ્યક્ત કરી હતી. એક યાત્રીએ રાજ્યપાલશ્રી સાથે હસ્તધૂનન કરીને પોતાના આનંદની અભિવ્યક્તિ પણ કરી હતી. ઘણા સહયાત્રીઓએ રાજ્યપાલશ્રી અને લેડી ગવર્નરશ્રી સાથે સેલ્ફી લીધી હતી. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી હંમેશા સાદગીભર્યું જીવન પસંદ કરે છે. તેઓ વિમાનમાર્ગે સફર કરે ત્યારે ઈકોનોમિક ક્લાસમાં જ યાત્રા કરે છે. રાજ્યપાલ શ્રી સુરત રેલવે સ્ટેશનને ઉતર્યા ત્યારે સુરત જિલ્લા કલેક્ટર શ્રી આયુષ ઓકે તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.

# બિલ્ટ એન્વાયર્નમેન્ટમાં નેટ ઝીરો વોટર હાંસલ કરવા અમદાવાદમાં ૨૯મી ભારતીય પ્લમ્બિંગ કોન્ફરન્સ આયોજિત કરવામાં આવી



**। અમદાવાદ, તા.૩ ।**

ઈન્ડિયન પ્લમ્બિંગ એસોસિએશન (IPA) ૨૯મી ભારતીય પ્લમ્બિંગ કોન્ફરન્સ, IPA ની મુખ્ય વાર્ષિક ઈવેન્ટની જાહેરાત કરતાં ગર્વ અનુભવે છે. ૨૧મી ડિસેમ્બરથી ૨૩મી ડિસેમ્બર, ૨૦૨૩ દરમિયાન અમદાવાદમાં YMCA ઈન્ટરનેશનલ સેન્ટર ખાતે આયોજિત આ કોન્ફરન્સ મુખ્ય અતિથિ તરીકે ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને આદરણીય શ્રી જગદીશ વિશ્વકર્માની રાજ્યમંત્રી સહકાર, મીઠું ઉદ્યોગ, પ્રિન્ટિંગ અને સ્ટેશનરી, પ્રોટોકોલ (સ્વતંત્ર ચાર્જ), સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ, કુટીર, ખાદી અને ગ્રામીણ ઉદ્યોગ, નાગરિક ઉડ્ડયન (રાજ્ય મંત્રી), સરકાર ગુજરાતના ઉપસ્થિતિ રહેશે.

૨૯મી ભારતીય પ્લમ્બિંગ કોન્ફરન્સની થીમ "બિલ્ટ એન્વાયર્નમેન્ટમાં નેટ ઝીરો વોટર" છે, જે બાંધકામ ક્ષેત્રે સર્ક્યુલર જળ અર્થતંત્ર હાંસલ કરવા માટે જળ સંરક્ષણ અને સસ્ટેનેબિલિટી સંબંધિત નિર્ણાયક મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

ભારતના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની ૨૦૭૦ સુધીમાં ભારતને કાર્બન તટસ્થ બનાવવાની પ્રતિબદ્ધતા સસ્ટેનેબિલિટી પ્રથાઓની જરૂરિયાત દર્શાવે છે. ૪૦% કાર્બન ઉત્સર્જન માટે ઈમારતો જવાબદાર છે. કાર્બન તટસ્થતા હાંસલ કરવાના ૪ મુખ્ય ઘટકો છે જેમ કે. પાણી, કચરો, ઊર્જા અને કાર્બન. પાણી મુખ્ય ઘટક છે, અને તે કાર્બન તટસ્થતા હાંસલ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. કોન્ફરન્સનો ઉદ્દેશ્ય ઊર્જા અને પાણીના જોડાણની શોધ કરવાનો છે, એ વાત પર ભાર મૂકે છે કે પાણી બચાવવાથી ઊર્જાની બચત થાય છે અને કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થાય છે.

ભારત વૈશ્વિક સ્તરે સૌથી વધુ વસ્તી ધરાવતું અને વિશ્વના તાજા પાણીના માત્ર ૪% સંસાધનો ધરાવતું અને ભૂગર્ભજળનું સૌથી મોટું નિષ્કર્ષણ ધરાવતું હોવાથી, સસ્ટેનેબિલિટી અને જળ સંરક્ષણ માટે નિર્માણ વ્યૂહરચનાઓનું પુનઃમૂલ્યાંકન કરવાની જરૂરિયાત સર્વોપરી છે. જળ પરિપત્ર અથવા તટસ્થતા દ્વારા બિલ્ટ એન્વાયર્નમેન્ટમાં નેટ ઝીરો વોટર હાંસલ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

# ગુજરાત સાયન્સ સિટીમાં રાષ્ટ્રીય પ્રદૂષણ નિયંત્રણ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી



**। અમદાવાદ, તા.૩ ।**

૨જી ડિસેમ્બર દર વર્ષે રાષ્ટ્રીય પ્રદૂષણ નિયંત્રણ દિવસ તરીકે સમગ્ર ભારતભરમાં ઉજવવામાં આવે છે. જેનો મુખ્ય ઉદ્દેશ હાલ વધી રહેલા પ્રદુષણને અટકાવી પૃથ્વીને વધુ સારી અને પ્રદુષણમુક્ત બનાવવાનો છે. સમગ્ર દેશમાં વિવિધ કાર્યક્રમો દ્વારા પર્યાવરણ પ્રદુષણ નિયંત્રણના વિવિધ પાસાઓની માહિતી લોકો સુધી પહોંચાડવામાં આવે છે. આવી જ એક પ્રવૃત્તિમાં ગુજરાત સાયન્સ સિટીએ એક ખાસ પ્રકારના અવેરનેસ પ્રોગ્રામનુ આયોજન કર્યુ હતુ, જેના વિષય નિષ્ણાંત ડો. હાર્દિક ચૌધરી દ્વારા પર્યાવરણને પ્રદુષણમુક્ત કરવાના વિવિધ ઉપાયોની વિદ્યાર્થીઓને વિસ્તૃતમાં માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા સાયન્સ સિટી સ્થિત એનર્જી એજ્યુકેશન પાર્કમાં "MISSION LIFE"ના વિવિધ પાસાઓની વિસ્તૃત માહિતી મેળવી હતી. ગુજરાત સાયન્સ સિટી અવિરતપણે આવા વિજ્ઞાનના પ્રચાર અને પ્રસારના કાર્યક્રમોનુ આયોજન કરતી રહે છે.

# ઓલપાડ તાલુકાના વડોલી ગામે કેન્દ્રીય રેલ્વે રાજ્યમંત્રી દર્શનાબેન જરદોશની અધ્યક્ષતામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાઇ

**। સુરત, તા.૩ ।**

કેન્દ્ર અને રાજય સરકારની કલ્યાણકારી યોજનાઓ લાભ છેવાડાના ગ્રામજનો સુધી પહોચે તેવા આશયથી સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના વડોલી ગામ ખાતે કેન્દ્રીય રેલ્વે અને ટેક્સટાઈલ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશની અધ્યક્ષતામાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' યોજાઈ હતી.જેમાં સંકલ્પ યાત્રા રથનું ભવ્ય સ્વાગત કરી વિકસિત ભારતની સામૂહિક પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. તેમજ વિવિધ સ્ટોલ દ્વારા નાગરિકોને કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓની જાણકારી આપી નવા લાભાર્થીઓની નોંધણી કરાઈ હતી. આ અવસરે કેન્દ્રીય રેલ્વે રાજ્યમંત્રી દર્શનાબેન જરદોશે જણાવ્યું હતું કે, છેવાડાના માનવીના જીવનને સરકારની યોજનાઓથી લાભાન્વિત કરી ઉજાગર કરવાની યાત્રા એટલે વિકસિત ભારત સંકલ્પ યાત્રા.સંકલ્પ યાત્રા થકી દેશના દરેક નાગરિકોનો એક સમાન સર્વાંગી વિકાસ થાય તે માટેનું સરકારે આયોજન કર્યું છે.

# જિલ્લા કલેક્ટર આયુષ ઓકની અધ્યક્ષતામાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમ હેઠળ વિવિધ કોલેજો, ITI તથા પોલિટેકનિકના આચાર્યો તેમજ કેમ્પસ એમ્બેસેડર માટે સેમિનાર યોજાયો

**। સુરત, તા.૩ ।**



આગામી લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત જિલ્લા કલેક્ટરશ્રી આયુષ ઓકની અધ્યક્ષતામાં સુરત જિલ્લા મતદાર યાદી સુધારણા કાર્યક્રમ હેઠળ વિવિધ કોલેજો, ITI તથા પોલિટેકનિકના આચાર્યો તેમજ કેમ્પસ એમ્બેસેડરો માટે વીર નર્મદ યુનિવર્સિટી ખાતે માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો.

આ પ્રસંગે કલેક્ટરશ્રીએ સુરત જિલ્લાના યુવા મતદારોની નોંધણી વધારવા અંગે માર્ગદર્શન આપ્યું હતુ. તેમણે કહ્યું કે, વધતાં શહેરીકરણની સામે યુવા મતદારોની સંખ્યા વધે તે જરૂરી છે, યુવાઓએ લોકશાહીના પર્વમાં સહભાગિતા વધારવા યુવાઓએ જાગૃત કરવાની જરૂર છે, જે માટે વિવિધ કેમ્પસ એમ્બેસડરોની નિમણૂક કરવામાં આવી છે. તેમણે કોલેજોમાં અભ્યાસ કરતા નવયુવાનોને મતદાર યાદીમાં નામ નોંધણી માટે તૈયાર કરવા આચાર્ય અને કેમ્પસ એમ્બેસડરોની ભૂમિકાનું મહત્વ સમજાવી વિવિધ કોલેજોમાં એકસાથે મોટી સંખ્યામાં એકત્રિત થતા યુવાઓને મતદાર નોંધણી માટે પૂરતી માહિતી આપવા આગામી ૮ થી ૧૦ દિવસમાં સ્પેશિયલ ડ્રાઈવ યોજાશે એમ જણાવ્યુ હતું. પ્રાથમિકતાના ધોરણે મતદાર નોંધણી માટે ૧૮થી ૨૯ વર્ષની વયજૂથના યુવાઓને માહિતગાર કરવા આવશ્યક હોવાનો મત વ્યક્ત કરતા કલેક્ટરશ્રીએ ઉમેર્યું કે, ભણતર કે વ્યવસાય જેવા કોઈ પણ કારણોસર એકથી બીજી જગ્યાએ સ્થળાંતર કરતા યુવાઓને પણ મતદાર તરીકેના તેમના મૂળભૂત અધિકારોથી માહિતગાર કરવા જરૂરી છે, જેથી યોગ્ય પુરાવા, પ્રોત્સાહન કે જાગૃતતાના અભાવે ઘટતી મતદારોની સંખ્યાને અટકાવી શકાય. યુવાઓને પોતાના મૂળભૂત મતદાન અધિકાર માટે જાગૃત થવા આહવાન કરવાની સાથે કલેક્ટરશ્રીએ શ્રેષ્ઠ પ્રદર્શન માટે કેમ્પસ એમ્બેસેડરોને મળનારા અવૉર્ડ, મોમેન્ટો તેમજ સર્ટિફિકેટસની વિગતો આપી હતી. આ પ્રસંગે અધિક જિલ્લા ચૂંટણી અધિકારી કે.જે.રાઠોડે વોટિંગ કાર્ડનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે વિડીયો પ્રેઝન્ટેશન થકી નોંધણી માટેના નવા કે સુધારવાના નામો માટે ઉપલબ્ધ વિવિધ નમૂનાના ફોર્મ્સની જાણકારી આપી હતી. તેમજ ઓફલાઈન મોડ, વોટર હેલ્પ લાઈન એપ કે ઓનલાઈન વેબસાઈટ દ્વારા થતી નોંધણી અને સુધારાની વિસ્તૃત માહિતી પણ આપી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે ભૂતકાળના સાહસમાં સફળતા તમારા આત્મવિશ્વાસને વધારશે. જે લોકોએ ક્યાંક નિવેશ કર્યું હતું તે લોકો ને આજ ના દિવસે આર્થિક હાનિ થવા ની શક્યતા છે. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. તમારા દિલ અને મગજ પર રૉમાન્સનું રાજ હશે. તમારે તમારા ઘર ના નાના સભ્યો સાથે સમય પ સાર કરવા નું શીખવું જોઈએ.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે કામનું દબાણ તથા ઘરમાં તકલીફ તાણ લાવી શકે છે. ઉતાવળમાં મૂડીરોકણને લગતા નિર્ણયો લેતા નહીં- દરેક શક્ય બાજુથી તમે રોકાણ અંગે ચકાસણી નહીં કરો તો નુકસાન થવું ચોક્કસ છે. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય. તમારી વાત સાચી સાબિત કરવા માટે તમે આજ ના દિવસે તમારા જીવનસાથી સાથે ઝઘડો કરી શકો છો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારી લાગણીઓ પર અંકુશ રાખજો ખાસ કરીને ગુસ્સો. ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. તમારી વાણી પર અંકુશ રાખવાનો પ્રયાસ કરો કેમ કે તમારા કઠોર શબ્દો તમારા પ્રિયપાત્ર અને તમારા વચ્ચેની શાંતિ તથા સંબંધની સરળ ગતિને અસર કરી શકે છે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો? કેટલાક લોકો પોતે કરી શકે તેનાથી વધુ કામરી બડાઈ ફૂંકશે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે કેટલાક લોકો માનશે કે કશુંક નવું શીખવા માટે તમે ઉંમરમાં વધુ છો-પણ એ બાબત સત્યથી સદંતર વેગળી છે-તમારા તીવ્ર અને સક્રિય મગજને કારણે તમે નવી બાબત ઝડપથી શીખી લેશો. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે સ્વાસ્થ્ય સારૂ રહેશે. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખે? ધન ચોરી થવા ની શક્યતા છે. આજે તમારે અન્યોની જરૂરિયાતો પર ધ્યાન આપવાની જરૂર પડશે પણ બાળકો સાથે થોડા વધુ ઉદાર થવું તમને મુશ્કેલી તરફ લઈ જશે. અણધાર્યો રૉમેન્ટિક ઝુકાવ સાંજના સમયે તમારા મગજને ઘેરી વળશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે કેટલાક લોકો માનશે કે કશુંક નવું શીખવા માટે તમે ઉંમરમાં વધુ છો-પણ એ બાબત સત્યથી સદંતર વેગળી છે-તમારા તીવ્ર અને સક્રિય મગજને કારણે તમે નવી બાબત ઝડપથી શીખી લેશો. ભાઈ બહેનો ની મદદ થી આજે તમને આર્થિક લાભ મળી શકશે? પોતાના ભાઈ બહેનો ની સલાહ લો. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે કેટલીક અનિવાર્ય પરિસ્થિતિઓ તમને બેચેન કરી શકે છે.પણ તમારે તમારા મગજ પર કાબુ રાખી રાખી પરિસ્થિતિ સાથે કામ પાર પાડવા માટે તરત જ પ્રતિક્રિયા આપવાનું ટાળવું જોઈએ. તમે જો બધું જ બરાબર કરશો તો આજે તમે વધારાના નાણાં કમાઈ શકશો. પારિવારિક વાતાવરણ જાળવવા તથા તેને કલુષિત ન કરવા તમારે તમારા ગુસ્સા પર કાબૂ મેળવવાની જરૂર છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે વધુ પડતી કૅલેરી ધરાવતું ભોજન ટાળો અને તમારા વ્યાયામને ભક્તિભાવપૂર્વક વળગી રહો. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. તમારા બાળકના એવૉર્ડ સમારંભમાં આમંત્રણ આનંદનું કારણ બની શકે છે. તમારા સંતાનને તમારી અપેક્ષાઓ પર પ ાર ઉતરતા જોઈ તમારૂં સપનું સાકાર થઈ રહ્યું હોવાનું લાગશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારી શક્તિને પુનઃપ્રાપ્ત કરવા સંપૂર્ણ આરામ લો કેમ કે નબળું શરીર મગજને પણ નબળું પાડે છે. તમારે તમરી સાચી ક્ષમતા વિશે સમજવું રહ્યું કેમ કે તમે દ્રઢતામાં પાછળ નથી પડતા પણ ઈચ્છાશક્તિમાં પ ડો છો. આજે તમારે ફિજૂલખર્ચી કરવાથી પોતાને રોકવું જોઈએ નહીંતર જરૂરત ની સમયે તમારી પાસે પૈસા ની અછત હોઈ શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. નાણાકીય જીવન માં આજે ખુશ હાલી રહેશે આની સાથે તમે દેવા થી પણ આજે મુક્ત થયી શકો છો? અદભુત દિવસ જ્યારે તમે ઈચ્છો છો એટલું લોકોનું ધ્યાન તમને મળશે-તમારી સામે એટલી બધી બાબતો હશે અને તમાંથી કઈ બાબત હાથ ધરવી તેની મીઠી મૂમંઝવણ તમને થશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. જે લોકો દુગ્ધ વેપાર થી સંકળાયેલા છે તે લોકો ને આજે લાભ થવા ની પ્રબળ શક્યતા છે. પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો-લોકો જો સમસ્યાઓ સાથે તમારો સંપર્ક સાધે- તેમને અવગણો અને તેની અસર તમારા મગજ પર થવા ન દો.

### હિંદીભાષી રાજ્યોમાં મોટી નિષ્ફળતા

# રાહુલ ગાંધીની મોહબ્બતની દુકાનને ગ્રાહકો ન મળ્યા

### કોંગ્રેસે બે રાજ્યમાં સત્તા ગુમાવી, ત્રીજા રાજ્યમાં પણ સફળતા ન મળી : આર્થિક કામોના કારણે ભાજપને વોટ મળ્યા



। નવી દિલ્હી, તા.૩ ।

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ તાજેતરના વર્ષોમાં કન્યાકુમારીથી કાશ્મીર સુધી ૨૫૪૦ માઈલની પગપાળા યાત્રા કરી છે તેમાં તેઓ લાખો લોકોને મળ્યા છે, સામાન્ય લોકોની સાથે ભોજન લીધું છે. છેલ્લા કેટલાક મહિનામાં તેમણે ટ્રેનના જનરલ કોચમાં સવારી કરી છે. છતાં કોંગ્રેસ માટે મતદારો આકર્ષવામાં તેમને સફળતા નથી મળી. રાહુલ ગાંધી પોતાની પદયાત્રા દરમિયાન અનેક રાજ્યોમાં લોકોને મળ્યા હતા, અને કોંગ્રેસના લોકો તેમની કામગીરીને 'મોહબ્બતની દુકાન' તરીકે ગણાવતા હતા. પરંતુ આ દુકાનને ઉત્તર ભારતમાં ખાસ પ્રતિસાદ નથી મળ્યો તે આજના ચૂંટણી પરિણામો પરથી સાબિત થઈ ગયું છે. મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ અને તેલંગણાના ચૂંટણી પરિણામો લગભગ સ્પષ્ટ થઈ ગયા છે. હિંદી બેલ્ટમાં રાહુલ ગાંધીના પક્ષને ભારે આંચકો લાગ્યો છે. જે રાજ્યોમાં કોંગ્રેસ વિજેતા બનવાની આગાહી કરવામાં આવતી હતી ત્યાં એક્ઝિટ પોલ ખોટા પડ્યા છે. કોંગ્રેસે પોતાના હાથમાંથી રાજ્યોને ગુમાવ્યા છે તેમ કહી શકાય. હિંદીભાષી ત્રણેય રાજ્ય - રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને છત્તીસગઢમાં ભાજપનો મજબૂત વિજય થયો છે અને કોંગ્રેસ ક્યાંય રેસમાં નથી. લોકસભાની ચૂંટણી ચાર -પાંચ મહિનામાં આવી રહી છે ત્યારે કોંગ્રેસને જોરદાર ફટકો પડ્યો છે જેની જવાબદારી રાહુલ ગાંધીએ પણ ઉઠાવવી પડશે. મધ્ય પ્રદેશમાં શિવરાજ સિંહ ચૌહાણ હવે લોકપ્રિય નથી રહ્યા અને ભાજપ જીતી જશે તેવો દાવો કરવામાં આવતો હતો. પરંતુ શિવરાજ સિંહ પોતાની સત્તા ટકાવી રાખવામાં સફળ રહ્યા છે.

### ભારતને મોદીજીની ગેરંટી પર વિશ્વાસ છે

# ભાજપની જીત પર અશ્વિની વૈષ્ણવે પીએમને આપ્યો શ્રેય

। નવી દિલ્હી, તા.૩ ।

ચાર વિધાનસભા બેઠકોના પરિણામ જાહેર થઈ ચૂક્યા છે જેમાં રાજસ્થાન અને છત્તીસગઢ ભાજપે કોંગ્રેસ પાસેથી છીનવી લીધુ છે. ત્યારે આ અંગે કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાં ભાજપને મળેલા બમ્પર વોટ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને શ્રેય આપ્યો છે. X (Twitter) પર સોશિયલ મીડિયા પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તસવીર શેર કરતા તેમણે લખ્યું છે – 'ભારતને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ગેરંટી પર વિશ્વાસ છે'. કેન્દ્રીય રેલ્વે મંત્રી દ્વારા શેર કરવામાં આવેલ વડાપ્રધાન નરેન્દ્ર મોદી તસવીરમાં ભગવા કપડા પહેરીને હાથ જોડીને નમન કરતા જોવા મળે છે. અશ્વિની વૈષ્ણવે સોશિયલ મીડિયા પર વડાપ્રધાન મોદીની આ તસવીર શેર કરી છે.








### ભાજપ દ્વારા ૪૦ લોકસભા સીટો પર પ્રભારીઓની નિમણૂક

# બિહારની દરેક લોકસભા સીટ પર દરેક રાજકીય પક્ષોની નજર

## બિહાર ચૂંટણીને લઈને લાલુ યાદવની પાર્ટી આરજેડી રાજ્યમાં પોતાની સ્થિતિ જાણવા માટે સર્વે કરી રહી છે

। નવી દિલ્હી, તા.૩ ।

મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ અને તેલંગાણામાં આજે એ નક્કી થઈ થઈ ગયું હતું કે કોની સરકાર બનશે. આ પાંચ રાજ્યોમાં થયેલ વિધાનસભાની ચૂંટણીના પરિણામ હજુ સ્પષ્ટ રીતે સામે આવ્યા નથી એ પહેલા અમુક પક્ષો બિહારમાં લોકસભા ચૂંટણીની તૈયારીઓ કરવા લાગ્યા છે અને ૨૦૨૪ ની ચૂંટણીની બ્લૂ પ્રિન્ટ પણ તૈયાર કરવામાં આવી રહી છે.

**૬ ડિસેમ્બરથી બંધારણ બચાવો માર્ચનું આયોજન કરવામાં આવશે**

**હવે રાજ્યની ૪૦ બેઠકો માટે લોકસભાના પ્રભારીઓને પણ જવાબદારી સોંપવામાં આવી છે. જેની યાદી તાજેતરમાં બહાર પાડવામાં આવી છે. સાથે જ નીતિશની જેડીયુ પણ સંપૂર્ણ ચૂંટણી મોડમાં આવી ગઈ છે. જીતન માંઝીના મહાગઠબંધનથી અલગ થયા બાદ દલિત-મહાદલિત વોટબેંક પર નજર છે. જેના માટે તાજેતરમાં ભીમ સંસદનું આયોજન કરવામાં આવ્યું હતું. અને ૨ લાખથી વધુનું ટોળું એકઠું થયું હતું. હવે ૬ ડિસેમ્બરથી બંધારણ બચાવો માર્ચનું આયોજન કરવામાં આવશે. બિહારનું રાજકારણ હવે જાતિ આધારિત છે. દરેક રાજકીય પક્ષ જ્ઞાતિઓને ખુશ કરવાના પ્રયાસોમાં લાગેલા છે.**

એક તરફ મહાગઠબંધનની સાઉથ મોટી પાર્ટી RJDએ તેમના રાજ્યમાં તેમની અને ઈન્ડિયા ગઠબંધનની સ્થિતિ જાણવા માટે સર્વે શરૂ કરાવી દીધો છે તો બીજી તરફ વિપક્ષી પાર્ટી ભાજપે રાજ્યની ૪૦ લોકસભા સીટો પર પ્રભારીઓની નિમણૂક કરી દીધી છે.

બિહારની દરેક લોકસભા સીટ પર દરેક રાજકીય પક્ષોનો નજર છે અને કોઈ પાર્ટી કોઈ પણ રીતની ઢીલ નથી રાખવા માંગતી. આ જ કારણ છે કે પાર્ટીઓએ અત્યારથી જ મહોલને જાણવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. લાલુ યાદવની પાર્ટી આરજેડી રાજ્યમાં પોતાની સ્થિતિ જાણવા માટે એક સર્વે કરી રહી છે. જેમાં આ જાણવાનો પ્રયાસ કરવામાં આવશે. ભારતીય ગઠબંધનમાં RJD, JDU, કોંગ્રેસ અને ડાબેરીઓએ કઈ બેઠકો પર ચૂંટણી લડવી જોઈએ? કઈ બેઠક પર કયો પક્ષ મજબૂત છે. આ સર્વે દ્વારા એ જાણવા મળશે કે કયો પક્ષ કયા ક્ષેત્રમાં સારું પ્રદર્શન કરી શકે છે. આ કામ માટે એક એજન્સીને જવાબદારી સોંપવામાં આવી છે. જે બિહારમાં ૭૫ ટકા આરક્ષણ લાગુ થયા બાદ જનતાનો મિજાજ જાણશે અને ફીડબેક લેશે. બીજીતરફ, ભારતીય જનતા પાર્ટી એટલે કે બીજેપીએ લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને જનતાનો મિજાજ જાણવાના પ્રયત્નો કરી રહી છે અને દરેક પ્રકારની રાજકીય રણનીતિ અજમાવી રહી છે. પછાત જાતિના સશક્તિકરણની વાત હોય કે પાયાના સ્તરે સંગઠનને મજબૂત કરવાની. તાજેતરમાં ભાજપે યાદવ સંમેલનનું આયોજન કર્યું હતું. જેમાં હજારો યદુવંશી આગેવાનો ભાજપમાં જોડાયા હતા.

### તેલંગાણામાં કોંગ્રેસને સ્પષ્ટ બહુમતી મળી

# ભારત જીતવા માટે નિકળેલા KCRએ ગૃહરાજ્ય પણ ગુમાવ્યું

### કેસીઆર સીએમ તરીકે હેટ્રિક ફટકારવામાં નિષ્ફળ



। હૈદરાબાદ, તા.૩ ।

મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને રાજસ્થાનની સાથે તેલંગાણા વિધાનસભા ચૂંટણીના પરિણામ પણ આજે આવી રહ્યા છે. તેલંગાણામાં કોંગ્રેસને સ્પષ્ટ બહુમતી મળી હતી. તેલંગાણાની રચના ૨૦૧૩માં થઈ હતી.

આ પછી આ ત્રીજી ચૂંટણી છે. કેસીઆર આ ચૂંટણીમાં સીએમ તરીકે હેટ્રિક ફટકારવામાં નિષ્ફળ રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. બે વખતના સીએમ કેસીઆર માટે આ મોટો ફટકો છે. કેસીઆરની હાર પાછળનું મુખ્ય કારણ તેમનો રાષ્ટ્રીય રાજકારણ તરફનો ઝુકાવ માનવામાં આવે છે.

૨૦૧૮ની વિધાનસભા ચૂંટણીમાં જંગી જીત મેળવ્યા બાદ કેસીઆરે લોકસભા ચૂંટણી માટે ત્રીજા મોરચાની વાત કરી હતી. ૨૦૨૪ની ચૂંટણી પહેલા પણ તેઓ આ જ ફોર્મ્યુલા હેઠળ વિપક્ષી ગઠબંધન ઈન્ડિયા સાથે જોડાયા ન હતા. ઓક્ટોબર ૨૦૨૨ માં, દ્રઝઈ એ રાષ્ટ્રીય મંચ પર લાવવા માટે તેમની પાર્ટી ઈજી (તેલંગાણા રાષ્ટ્ર સમિતિ) નું નામ બદલીને મ્ઈજી (ભારત રાષ્ટ્ર સમિતિ) કર્યું.

એટલું જ નહીં, જ્યારે તેલંગાણાની ચૂંટણીમાં એક વર્ષથી પણ ઓછો સમય બાકી હતો અને કોંગ્રેસ-ભાજપ ભ્રષ્ટાચારના મુદ્દે રાજ્યમાં કેસીઆર વિરુદ્ધ માહોલ બનાવવામાં વ્યસ્ત હતા, ત્યારે કેસીઆર ૭૦૦-૭૦૦ કારોના કાફલા સાથે તેલંગાણાની બહાર મહારાષ્ટ્રમાં પ્રસારમાં વ્યસ્ત હતા. આ રેલીઓમાં સમગ્ર તેલંગાણા કેબિનેટ પણ તેમની સાથે જતુંહતું. એટલું જ નહીં, કેસીઆર અલગ-અલગ રાજ્યોમાં ગયા અને વિપક્ષી નેતાઓને મળ્યા. તેઓ પટના પણ ગયા હતા અને જૂનમાં નીતિશ કુમારને મળ્યા હતા.

નિષ્ણાતોનું માનવું છે કે કેસીઆર પોતાને રાષ્ટ્રીય નેતા તરીકે સ્થાપિત કરવા માંગતા હતા. એટલું જ નહીં, તેમને તેલંગાણામાં જીતનો વિશ્વાસ હતો, તેમનો ઈરાદો તેમના પુત્ર કેટી રામારાવને તેલંગાણાના રાજકારણમાં સ્થાપિત કરવાનો હતો. રામારાવ તેમની સરકારમાં મંત્રી પણ હતા. પરંતુ કેસીઆરનું આ પગલું આ વિધાનસભા ચૂંટણીમાં બેકફાયર થતું જણાય છે. જ્યાં એક તરફ તેમણે તેમના ગૃહ રાજ્ય તેલંગાણામાં સત્તા ગુમાવી છે.

બીજી તરફ લોકસભાની ચૂંટણી પહેલા વિપક્ષી પાર્ટીઓને પોતાની સાથે લાવવાના તેમના પ્રયાસો પણ સફળ થતા જણાતા નથી.

### હીરો જેવી વિદાયને લાયક નથી ડેવિડ વોર્નર : મિશેલ



। સિડની, તા.૩ ।

ઓસ્ટ્રેલિયાના પૂર્વ ફાસ્ટ બોલર મિચેલ જોન્સને કાંગારુ ઓપનર ડેવિડ વોર્નરને લઈને ખૂબ જ વિસ્ફોટક નિવેદન આપ્યું છે. પાકિસ્તાન સામેની ટેસ્ટ શ્રેણીમાં ડેવિડ વોર્નરને તક આપ વામાં આવતા મિશેલ જોન્સને પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો છે. તમને જણાવી દઈએ કે પાકિસ્તાન અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ૧૪ ડિસેમ્બરથી ત્રણ મેચની ટેસ્ટ સિરીઝ શરૂ થશે. પ્રથમ ટેસ્ટ મેચ પર્થમાં ૧૪ થી ૧૮ ડિસેમ્બર દરમિયાન રમાશે. પાકિસ્તાને ૨૬ થી ૩૦ ડિસેમ્બર દરમિયાન ઓસ્ટ્રેલિયા સામે મેલબોર્નમાં બીજી ટેસ્ટ મેચ રમવાની છે. પાકિસ્તાન અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ત્રીજી અને છેલ્લી ટેસ્ટ મેચ સિડનીમાં નવા વર્ષે ૩ થી ૭ જાન્યુઆરી ૨૦૨૪ દરમિયાન રમાશે. વાસ્તવમાં વિસ્ફોટક ઓલરાઉન્ડર ડેવિડ વોર્નરને પાકિસ્તાન સામેની પ્રથમ ટેસ્ટ માટે ઓસ્ટ્રેલિયાની ૧૪ સભ્યોની ટીમમાં તક આપવામાં આવી છે. મિશેલ જ્હોન્સને તેના સાથી ખેલાડી ડેવિડ વોર્નરને વિદાય શ્રેણી આપવામાં આવી હોવાની આકરી ટીકા કરી છે. મિશેલ જોન્સનનું કહેવું છે કે ૨૦૧૮માં બોલ ટેમ્પરિંગની ઘટના બાદ અને ત્યારબાદ એક વર્ષના પ્રતિબંધનો સામનો કર્યા બાદ ડેવિડ વોર્નર હીરોની વિદાય આપવાને લાયક નથી. મિશેલ જોન્સને ૨૦૧૮માં બોલ ટેમ્પરિંગની ઘટનામાં સંડોવાયેલા ડેવિડ વોર્નરને આરોપી તરીકે નામ આપ્યું છે.

# ચાર રાજ્યોમાં મંત્રીઓ સહિત મોટા નેતાઓ હાર્યા ચૂંટણી

### ચૂંટણીમાં પરિણામોમાં ઘણા અપસેટ પણ સર્જાયા, વર્તમાન મુખ્યમંત્રી અને મંત્રીઓએ પણ હારનો સામનો કરવો પડ્યો

। નવી દિલ્હી, તા.૩ ।

ચાર રાજ્યોના ચૂંટણી પરિણામોમાં મોટા ગજાના ઘણા નેતાઓના રાજકીય ભાવિનો ફેંસલો થઈ ગયો છે. જે નેતાઓ જીત્યા છે, તેમને રાહત મળી છે. જો કે હારનો સામનો કરનારા ઘણા નેતાઓએ ઘરે બેસવું પડે તેમ છે. નવાઈની વાત એ છે કે આમાંથી ઘણા તો મંત્રીઓ છે.

રાજસ્થાનમાં આ મોરચે કોંગ્રસ માટે કપરી સ્થિતિ સર્જાઈ છે. કેમ કે ગેહલોત સરકારના ૧૯ મંત્રીઓએ હારનો સામનો કરવો પડ્યો છે. વિધાનસભા અધ્યક્ષ સી પી જોશી નાથદ્વારા બેઠક પરથી હારી ગયા.

કેબિનેટ મંત્રી અને ગુજરાત કોંગ્રેસના પૂર્વ પ્રભારી રઘુ શર્માએ પણ કેકડી બેઠક પરથી હારનો સામનો કરવો પડ્યો છે. અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી પ્રતાપસિંહ ખાચરિયાવાસે સિવિલ લાઈન્સ બેઠક પરથી હારનો સામનો કરવો પડ્યો. જ્યારે કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા ગૌરવ વલ્લભે પણ ઉદયપુર બેઠક પરથી હારનો સામનો કરવો પડ્યો છે. મુખ્યમંત્રી અશોક ગેહલોત સરદાર પુરા બેઠક પરથી અને ટોંક બેઠક પરથી સચિન પાયલટની જીત થઈ છે. જે કોંગ્રેસ માટે મોટી રાહત સમાન છે.

**ચૂંટણી પંચે તેલંગણાના ડીજીપીને કર્યા સસ્પેન્ડ**

**ચૂંટણી પંચે રવિવારે આદર્શ આચાર સંહિતાના ઉલ્લંઘન માટે તેલંગણાના ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ (ડીજીપી) અંજની કુમારને સસ્પેન્ડ કરી દીધા છે. સૂત્રોએ જણાવ્યું કે રાજ્ય પોલીસના નોડલ અધિકારી સંજય સૈન અને નોડલ અધિકારી (ખર્ચ) મહેશ ભાગવતની સાથે ડીજીપીએ મતગણના વચ્ચે હૈદરાબાદમાં કોંગ્રેસના રાજ્ય એકમના અધ્યક્ષ તથા ઉમેદવાર અનુમૂલા રેવંત રેડ્ડી સાથે તેમના આવાસ પર મુલાકાત કરી. આ દરમિયાન તેમણે કોંગ્રેસ ચીફને એક ફૂલ ગુલદસ્તો પણ ભેટ કર્યો હતો. તેલંગણા રાજ્યમાં કોંગ્રેસ પાર્ટી પ્રથમવાર સરકાર બનાવવા જઈ રહી છે. કોંગ્રેસે અહીં સત્તામાં રહેલી બીઆરએસને પરાજય આપ્યો છે. માનવામાં આવી રહ્યું છે કે રાજ્યમાં આવનારી નવી સરકાર પ્રત્યે પોતાની નિષ્ઠા પ્રગટ કરવાના ઈરાદાથી ડીજીપી ફૂલનો ગુલદસ્તો લઈને ત્યાં ગયા હતા.**

છત્તીસગઢમાં પણ કોંગ્રેસ સરકારના કેટલાક મંત્રીઓએ હારનો સામનો કરવો પડ્યો છે. નાયબ મુખ્યમંત્રી ટી એસ સિંહ દેવ ફક્ત ૧૫૭ મતોથી હારી ગયા.

મધ્ય પ્રદેશમાં ભાજપના ફાળે મોટો અપસેટ આવ્યો છે. રાજ્ય સરકારના પાંચ મંત્રીઓએ હારનો સામનો કરવાનો વારો આવ્યો છે. ગૃહ મંત્રી અને મુખ્યમંત્રી પદના દાવેદાર ગણાતા નરોત્તમ મિશ્રાએ દતિયા બેઠક પરથી હારનો સામનો કરવો પડ્યો છે. કૃષિ મંત્રી કમલ પટેલે પણ હરદા બેઠક પરથી હારી ગયા છે. પંચાયત અને ગ્રામીણ વિકાસ મંત્રી મહેન્દ્રસિંહ સિસોદિયા બમોરી બેઠક પરથી હારી ગયા છે. ઉદ્યોગ મંત્રી રાજ્યવર્ધનસિંહ બદનાવર બેઠક પરથી હારી ગયા છે.

તેલંગાણામાં પણ દિગ્ગજ નેતાઓની હારથી અપસેટ સર્જાયો છે. નવાઈની વાત એ છે કે પૂર્વ મુખ્યમંત્રી કે ચંદ્રશેખર રાવ અને ભાવિ મુખ્યમંત્રી અને કોંગ્રેસ ઉમેદવાર રેવંત રેડ્ડીએ પણ હારનો સામનો કરવો પડ્યો છે, જો કે તેઓ બે બેઠક પરથી લડ્યા હોવાથી એક બેઠક સચવાઈ ગઈ છે.

### ભારતીય કોચે તેનો ખુલાસો કરી દીધો છે

# વર્લ્ડકપમાં રાહુલ દ્રવિડે હારને લઈને પિચને જવાબદાર ઠેરવી

### પિચમાંથી એટલો ટર્ન ન મળ્યો, જેટલો ભારતીય ટીમ મેનેજમેન્ટને આશા હતી : આ હારનું સૌથી મોટું કારણ

। નવી દિલ્હી, તા.૩ ।

ભારતીય ટીમ અને કેપ્ટન રોહિત શર્મા માટે સૌથી મોટું મિશન હૈં વર્લ્ડ કપ હતું. મેગા ઈવેન્ટની શરૂઆતથી જ ભારતીય ટીમ ટ્રોફીની દાવેદાર હતી. રોહિત અને કંપનીએ સેમિફાઈનલ સહિત સતત ૧૦ મેચ જીતી હતી, પરંતુ ઓસ્ટ્રેલિયાએ ટીમ ઈન્ડિયાને ફાઈનલમાં હરાવ્યું હતું. જે બાદ અનેક સવાલો ઉભા થયા, કેટલાક દિગ્ગજોએ ટીમના પ્રદર્શન પર નિશાન સાધ્યું તો કેટલાકે ઓસ્ટ્રેલિયાનો પક્ષ લીધો. પરંતુ મીડિયા રિપોર્ટ્સ અનુસાર, જ્યારે કેપ્ટન રોહિત શર્મા અને કોચ રાહુલ દ્રવિડને હારનું કારણ પૂછવામાં આવ્યું તો કોચે સત્ય જાહેર કર્યું. વર્લ્ડ કપમાં ટીમ ઈન્ડિયાની હારને ૧૦ દિવસથી વધુ સમય થઈ ગયો છે. લગભગ ૧૧ દિવસ પછી, BCCI અધિકારીઓએ ટૂર્નામેન્ટમાં ભારતના પ્રદર્શનની સમીક્ષા કરવા માટે મુખ્ય કોચ રાહુલ દ્રવિડ સાથે બેઠક યોજી હતી. મેગા ઈવેન્ટ બાદ કેપ્ટન રોહિત શર્મા લંડનમાં રજાઓ માણી રહ્યો છે. જેના કારણે હિટમેન વીડિયો કોલ દ્વારા મીટિંગમાં જોડાયો હતો. આ બેઠકમાં દક્ષિણ આફ્રિકા પ્રવાસ માટે ટીમોની પસંદગી અને ભવિષ્યની યોજના અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.



### આશિષ નેહરાએ રિંકુનું નામ લઈને કરી કોમેન્ટ

# ફિનિશરના સ્થાન માટે સખત પડકારનો સામનો કરવો પડશે

### ફિનિશરના સ્થાન માટે હજુ પણ ઘણાં દાવેદારો છે, કોઈનું સ્થાન ફિક્સ કહી શકાય નહીં : કોમેન્ટેટર આશિષ નેહરા

। નવી દિલ્હી, તા.૩ ।

આઈપીએલની ગત સિઝનમાં છેલ્લાં પાંચ બોલમાં પાંચ છગ્ગા મારીને પોતાની ટીમને જીતાડનાર રિંકુ સિંહ રાતોરાત સ્ટાર બની ગયો છે. હાલ ઓસ્ટ્રેલિયા સામે ચાલી રહેલી ટી-૨૦માં પણ રિંકુએ સારું પ્રદર્શન કર્યું છે. ત્યારે સૌ કોઈ તેને આગામી ટી-૨૦ વર્લ્ડ કપમાં ટીમમાં લેવાની વાત કરી રહ્યું છે. જોકે, એક પૂર્વ ક્રિકેટર અને કોમેન્ટેટે રિંકુનું નામ લઈને એવી કોમેન્ટ કરી દીધી છેકે, હડકંપ મચી ગયો છે. ટીમ ઈન્ડિયાના પૂર્વ ફાસ્ટ બોલર અને હાલના કોમેન્ટેટર આશિષ નેહરાના જણાવ્યા અનુસાર, ડાબોડી વિસ્ફોટક બેટ્સમેન રિંકુ સિંહ ભારતની T20 વર્લ્ડ કપ ટીમમાં 'ફિનિશર' સ્થાન માટેના દાવેદાર તરીકે ઉભરી આવ્યો છે, પરંતુ તે માને છે કે એ સ્થાન માટે હજુ પણ ઘણાં દાવેદારો છે, કોઈનું સ્થાન ફિક્સ કહી શકાય નહીં અત્યારથી. રિંકુને પણ આ સ્થાન માટે બીજા ખેલાડીઓ તરફથી સખત પડકારનો સામનો કરવો પડશે. T20 વર્લ્ડ કપ આવતા વર્ષે જૂનમાં વેસ્ટ ઈન્ડિઝ અને અમેરિકામાં રમાશે. રિંકુ સિંહ ઓસ્ટ્રેલિયા સામે ચાલી રહેલી પાંચ મેચની T20 આંતરરાષ્ટ્રીય શ્રેણીમાં શાનદાર ફોર્મમાં હતો.



**એક સમયે રઘુ શર્મા સરકારમાં આરોગ્યમંત્રી હતા**

# કોંગ્રેસના પૂર્વ પ્રભારી ડો. રઘુ શર્માની રાજસ્થાનમાં ભૂંડી હાર

### તેમને ગુજરાતમાં મોટી જવાબદારી સોંપવામાં આવી હતી

। જયપુર, તા.૩ ।

રાજસ્થાનમાં ફરી એકવાર દર પાંચ વર્ષે સરકાર બદલવાનો ટ્રેન્ડ ચાલું રહ્યો છે. રાજસ્થાન વિધાનસભામાં ચૂંટણી પરિણામ જાહેર થયા છે. પ્રાથમિક વલણો અનુસાર રાજસ્થાનની જનતાએ દર ૫ વર્ષમાં સરકાર બદલવાના રિવાજને કાયમ રાખ્યો છે અને ૫ વર્ષના વનવાસ બાદ બીજેપીને એકવાર ફરીથી સરકારમાં પાછી લાવ્યા છે. એવામાં રાજસ્થાન વિધાનસભાની ચૂંટણીમાં એક એવા ઉમેદવાર હાર્યા છે, જેમણે ગુજરાતમાં કોંગ્રેસને જીતાડવાની જવાબદારી લીધી હતી. જી હા... ગુજરાત કોંગ્રેસને જીતાડવાની જવાબાદારી લેનાર ગુજરાત કોંગ્રેસના પૂર્વ પ્રભારી ડો. રઘુ શર્માની રાજસ્થાનમાં ભૂંડી હાર થઈ છે. કેકરી વિધાનસભા બેઠક પરથી ૭ હજાર કરતા પણ વધારે મતોથી રઘુ શર્મા હાર્યા છે.

રાજસ્થાનમાં મુખ્યમંત્રી અશોક ગહેલોતના તમામ દાવા અને તેમના વાયદાને ફગાવી દેતા રાજસ્થાનની જનતાએ ભાજપને ખોબલેને ધોબલે વોટ આપ્યા છે. તો વળી કોંગ્રેસને હારનો સામનો કરવો પડ્યો છે. આ ચૂંટણીમાં ભાજપને ૧૧૫ સીટ મળતી દેખાઈ રહી છે. તો વળી કોંગ્રેસ ૭૦ સીટ પર સમેટાઈ ગઈ હતી. રાજસ્થાનમાં કોંગ્રેસની હારનું એક મુખ્ય કારણ પાર્ટીની અંદરનો ડખ્ખો છે. કેટલાય નેતા નારાજ થયા, પણ ગહેલોત તેમને યોગ્ય રીતે હેંડલ કરી શક્યા નહીં. પાર્ટીની અંદર જુથબંધી અને કેટલાય બળવાખોર નેતાઓએ પાર્ટીનો ખેલ બગાડી નાખ્યો. આ તમામ વાતો વચ્ચે ગુજરાત કોંગ્રેસના પૂર્વ પ્રભારી ડો. રઘુ શર્માની હારથી મોટું આશ્ચર્ય થયું છે. જે નેતાએ એક સમય દરમિયાન ગુજરાતમાં ગમે તેમ કરીને કોંગ્રેસને જીતાડવાની જવાબદારી લીધી હતી, તેમનો જ ખેલ રાજસ્થાનમાં પડી ગયો છે.

ગુજરાત કોંગ્રેસના પૂર્વ પ્રભારી ડૉ રઘુ શર્મા કેકરી વિધાનસભા બેઠક પર ભાજપ ઉમેદવાર સામે ભૂંડી હારનો સામનો કરવો પડ્યો છે. ડૉ. રઘુ શર્મા રાજસ્થાનમાં કેકરી વિધાનસભા બેઠક પરથી ૭ હજાર કરતા પણ વધારે મતોથી હાર્યા છે. એક સમયે રઘુ શર્મા રાજસ્થાન સરકારમાં આરોગ્યમંત્રી પણ રહી ચૂક્યા છે. પરંતુ ત્યારબાદ તેમણે ગુજરાતમાં મોટી જવાબદારી સોંપવામાં આવી હતી. ગુજરાતમાં સત્તા માટે હવાતિયા મારતી કોંગ્રેસને બેઠી કરવા માટે રઘુ શર્માને જવાબદારી સોંપવામાં આવી હતી, અને તેમણે મોટા ઉપાડે સ્વીકારી પણ લીધી હતી.











## ખાનપુર ખાતે મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો દ્વારા ઉજવણી

મધ્યપ્રદેશ, રાજસ્થાન, અને છત્તીસગઢ ત્રણ રાજ્યોમાં ભારતીય જનતા પાર્ટીના વિજય બાદ અમદાવાદ કર્ણાવતી મહાનગર કાર્યાલય ખાનપુર ખાતે મોટી સંખ્યામાં ભાજપના કાર્યકર્તાઓ નેતાઓ ધારાસભ્યો અને કોર્પોરેટરો એકઠા થયા. આ દરમ્યાન ઢોલ નગારા સાથે ગરબા ગાઈને અનેરો ઉત્સાહ વ્યક્ત કર્યો હતો. કાર્યકર્તાઓનું કહેવું છે કે પીએમ મોદીએ સાર્વજનિક રેલીઓ કરી અને લોકોને અપીલ કરીઆ ત્રણ રાજ્યોના ચૂંટણી પરિણામમાં ભાજપનો વિજય થયો છે. આ ઉજવણીમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા. મધ્યપ્રદેશ, રાજસ્થાન, અને છત્તીસગઢ આ ૩ રાજ્યમાં ભાજપે પોતાના સાંસદ અને દિગ્ગજ નેતાઓને પણ ચૂંટણી મેદાનમાં ઉતાર્યા હતા જેમાં ભાજપની ભવ્ય જીત થઈ છે. અમદાવાદ કર્ણાવતી મહાનગર કાર્યાલય ખાનપુર ખાતે મોટી સંખ્યામાં ભાજપના કાર્યકર્તાઓ ભેગા થયા હતા. અમદાવાદના કાર્યકર્તાઓ કર્ણાવતી મહાનગર કાર્યાલય ખાનપુર ખાતે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને મોદી સરકારના કામો અંગે વાત કરી હતી. મધ્યપ્રદેશ, રાજસ્થાન, અને છત્તીસગઢમાં ભાજપની થયેલી જીતની ઉજવણી ઠેર ઠેર કરવામાં આવી રહી છે. ખાસ કરીને ગુજરાતના તમામ કાર્યાલયો પર પણ ઉજવણી કરવામાં આવી રહી છે. કર્ણાવતી મહાનગર કાર્યાલય ખાનપુર ખાતે ઝર પહોંચ્યા હતા જે દરમ્યાન લોકોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

### રાજસ્થાનમાં મને પ્રભારીની જવાબદારી સોંપાઈ હતી લોકોએ ઈચ્છ્યું કે દેશભક્તિવાળી સરકાર જોઈએ છે

# રાજસ્થાનમાં જીત મળતા જ નીતિન પટેલે ખુશી વ્યક્ત કરી

| અમદાવાદ, તા.૩ |

રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને છત્તીસગઢ આખરે ત્રણેય રાજ્યોમાં મોદી મેજિક ફરી વળ્યું છે. આ જંગી જીતથી ભાજપના કાર્યકર્તાઓમાં જશ્નનો માહોલ છે. શરૂઆતના તમામ વલણોમાં ત્રણેય રાજ્યોમાં ભાજપ આગળ ચાલી રહ્યું છે. જે સ્પષ્ટ બહુમતીના સંકેત આપી રહ્યું છે. ત્યારે રાજસ્થાન વિધાનસભાની ચૂંટણીમાં ગુજરાતના પૂર્વ ડેપ્યુટી મુખ્યમંત્રી નીતિન પટેલને સહપ્રભારીની જવાબદારી સોંપાઈ હતી. ત્યારે રાજસ્થાનમાં જીત મળતા જ નીતિન પટેલે ખુશી વ્યક્ત કરી હતી. રાજસ્થાનની ચૂંટણીમાં સહપ્રહારી બનેલા નીતિન પટેલે ચૂંટણીના પરિણામો વિશે કહ્યું કે, ભારત દેશ જેની રાહ જોઈ રહી હતી એ શુભ દિવસ આજે આવી ગયો છે. ૫ રાજ્યોની ચુંટણીમાં આજે પરિણામ આવી રહ્યાં છે. મને ગૌરવ છે કે ભાજપની સરકાર ત્રણ રાજ્યમાં બનવા જાઈ રહી છે. દેશના અનેક ભાજપી નેતાઓની આ મહેનત છે. મધ્ય પ્રદેશમાં ભાજપની સરકાર હતી અને



શિવરાજ ચૌહાણે સુંદર કામગીરી કરી એ લોકોએ સ્વીકારી છે. તેમણે રાજસ્થાનમાં ભાજપની જીત વિશે કહ્યું કે, રાજસ્થાનમાં કોંગ્રેસની ભ્રષ્ટ સરકારને કાઢવા લોકો થનગની રહ્યા હતા. રાજસ્થાનમાં મને સહ પ્રભારીની જવાબદારી સોંપાઈ હતી. રાજસ્થાનમાં ૧૧૫ સીટો પર બીજેપી આગળ છે, બીજેપીની સરકાર રાજસ્થાનમાં બનશે જ. અને એમાં હું સહપ્રભારી છું મને આનંદ અને ગૌરવ છે. રાજસ્થાનમાં મને અનેક લોકોએ કહ્યું હતું કે, આ કોંગ્રેસની સરકાર સૌથી ભ્રષ્ટ હતી અને હિન્દી સમાજને નુકશાન કરવાનું કામ ચાલી રહ્યુ હતું. નીતિન પટેલે કહ્યું કે, ભગવાનની યાત્રા ના નીકળે એવા પ્રયાસો થયા અને બીજા વર્ગના લોકોને સૌથી વધુ છૂટ આપતી અને કનૈયાલાલ દરજીની કટ્ટરવાદીઓ હત્યા કરી તેની ગંભીર અસર થઈ. ત્યારે લોકોએ ઈચ્છ્યુ કે દેશભક્તિવાળી સરકાર જોઈએ છે. જે બધાનું સન્માન કરે. હિન્દુ ધર્મ અને સંસ્કૃતિનું રક્ષણ કરે એવી સરકાર જોઈએ. લાલ ડાયરી સૌ કોઈ જાણે છે. આ લાલ ડાયરીનું પ્રકરણ ખૂબ ચાલ્યું.

## ચૂંટણી પરિણામો તો એક ટ્રેલર છે, પિક્ચર અભી બાકી હે

રાજ્યોના ચૂંટણી પરિણામને લઈ ગુજરાત રાજ્ય મંત્રીઓના નિવેદન સામે આવી રહ્યા છે. ગૃહમંત્રી હર્ષ સંઘવીએ નિવેદન આપણા જણાવ્યું છે કે ચૂંટણી પરિણામોએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની જીત છે. લોકોએ મોદીને વોટ આપ્યા છે. કોંગ્રેસને જાકારો આપ્યો છે. આ ચૂંટણી પરિણામ પરથી સાબિત થાય છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ચહેરો છે. લોકસભામાં પણ ઐતિહાસિક જીત મળશે. રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરિયાનું નિવેદન સામે આવ્યું છે. તેઓએ ૪ રાજ્યોના ચૂંટણી પરિણામો પર નિવેદન આપ્યું છે કે ચૂંટણી પરિણામ એક ટ્રેલર છે. પિક્ચર અભી બાકી હે, લોકસભાની ચૂંટણીમાં મોદી પ્રધાનમંત્રી બનશે. પ્રધાનમંત્રીની લોક ચાહના વૈશ્વિક છે. આ ચૂંટણીમાં લોકોએ ભાજપને પસંદ કરી છે. આનાથી સારું પરિણામ લોકસભામાં આવશે. ચૂંટણી પરિણામને લઈ પૂર્વ મંત્રી પૂર્ણેશ મોદીએ રાજસ્થાનમાં મુખ્યમંત્રીના ચહેરાને લઈ ચાલી રહેલી અટકળોને લઈ નિવેદન આપ્યું છે. મુખ્યમંત્રી કોણ બનશે વસુંધરા રાજે કે અન્ય ચહેરો તેના સવાલના જવાબમાં પૂર્ણેશ મોદીએ કહ્યું કમળ જ મુખ્યમંત્રીનો ચહેરો છે. જે મુખ્યમંત્રી હશે એ ભાજપનો હશે. ભાજપની અભૂતપૂર્વ જીત થઇ છે. લોકસભાની ચૂંટણી આવી રહી છે. તેમાં પણ સારું પરિણામ મેળવીશું, તેવું પૂર્ણેશ મોદીએ જણાવ્યું હતું. આજ રોજ રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, તેલંગાના, વિધાનસભાની ચૂંટણીનું પરિણામ જાહેર થયું છે. જેમાં ભાજપે રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢમાં બહુમતી સરકાર બનાવી લીધી છે. જ્યારે કોંગ્રેસે તેલંગાનામાં સરકાર બનાવી છે. ત્યારે આ લોકસભાની ચૂંટણીમાં પણ ભાજપને જીત થશે એવું ભાજપના મંત્રીઓ માની રહ્યા છે.

### નકલી સ્ટુડન્ટ વિઝા આપી સાડા આઠ લાખની છેતરપીંડી

# આણંદમાં કન્સલટન્સીએ યુવકને લાખોનો ચૂનો લગાડ્યો

### પોલીસે આરોપીને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે

| આણંદ, તા.૩ |

આણંદનાં યુવકે વિઝા કન્સલટન્સી ઓફિસ ખોલી સ્ટુડન્ટ વિઝા અપાવવાના બહાને નકલી સ્ટુડન્ટ વિઝા આપી સાડા આઠ લાખની છેતરપીંડી કર્યાની ફરિયાદ આણંદ ટાઉન પોલીસ મથકે નોંધાઈ છે. પોલીસે આરોપીને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે. યુકેના સ્ટુન્ડન્ટ વિઝાના નામે વીરસદના યુવાન સાથે ૮.૫૦ લાખની છેતરપીંડી કરાઈ હતી. આ સાથે જ વાસદ અને નાવલીના અન્ય ત્રણ પરદેશ વાંચ્છુઓને પણ ચુનો લગાવ્યો હોવાનું ખુલ્યું છે. નેક્સ્ટ ડેસ્ટીનેશનના સકલેન ઉર્ફે અમન દિવાને યુકેના ખોટા ઓફર લેટરો બનાવી આપી પાસપોર્ટ ઉપર યુકેના ખોટા સ્ટુડન્ટ વિઝાનું સ્ટીકર લગાડીને ઠગાઈ આચરી હોવાનું સામે આવ્યું છે. આણંદના વીરસદનો કૃપલ નામનો યુવક વધુ અભ્યાસ અર્થે યુકે જવા માંગતો હતો. જેને લઈ તેણે આણંદના નેક્સ્ટ ડેસ્ટિનેશન કન્સલ્ટન્સીનો સંપર્ક કરી પોતાના સ્ટુડન્ટ વિઝાનું કામ આપ્યું હતું. જે પેટે રૂપિયા ૧૦ લાખ નક્કી કરવામાં આવ્યા હતા. જેમાં યુવકને એડમિશન અને વિઝા લાગેલ પાસપોર્ટ તો મળ્યો પણ એ સ્ટેમ્પ બોગસ હોવાની શંકા યુવકને ગઈ હતી. તેથી યુવકે તપાસ કરતાં પોતાના મળેલા વિઝા ખોટા હોવાનું સામે આવ્યુ હતું. યુવકે સમગ્ર મામલે પોલીસ ફરિયાદ કરી છે. સમગ્ર મામલે આણંદ ટાઉન પોલીસ મથકે ગુનો નોધાયો અને આણંદ SOG પોલીસે આરોપી સકલૈન ઉર્ફે અમન દિવાનની અટકાયત કરી બે દિવસના રિમાન્ડ મેળવ્યા છે. રિમાન્ડ દરમિયાન ચોંકાવનારી વિગત સામે આવી છે. આણંદ એસઓજી પોલીસે સકલેન ઉર્ફે અમનની વિધિવત ધરપકડ કરીને આણંદની કોર્ટમાં રજુ કરીને વધુ તપાસ અર્થે બે દિવસના રીમાન્ડ પર મેળવ્યો હતો.

### બસ પલટી મારી જતા ૩૦ મુસાફરો ઈજાગ્રસ્ત

# અંબાજીના ત્રિશૂલિયા ઘાટ પર વધુ એક અકસ્માત થયો

### અંબાજી દર્શન કરી પરત ફરી રહેલા સૌરાષ્ટ્રના યાત્રિકોની બસ પલટી : ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા

| અંબાજી, તા.૩ |

અંબાજીનો ત્રિશુલિયા ઘાટ અકસ્માત ઝોન છે. આ ઝોન પર અવારનવાર અકસ્માત થતા રહે છે. ત્યારે રવિવારે અંબાજી દર્શન કરીને પરત ફરી રહેલા સૌરાષ્ટ્રના બસના મુસાફરોને અકસ્માત નડ્યો હતો. અંબાજીના ત્રિશુલીયા ઘાટી પર ખાનગી બસ પલટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં ૩૦ જેટલા મુસાફરો ઈજાગ્રસ્ત થયા હતા, તેમને નાની-મોટી ઈજા પહોંચી હતી. તો બે મુસાફરો બુરી રીતે બસમાં ફસાયા હતા, જેઓને બે કલાકની ભારે જહેમત બાદ બહાર કાઢવામાં આ્વયા હતા.

સૌરાષ્ટ્રના કેટલાક શ્રદ્ધાળુઓ છેલ્લાં ૨૦ દિવસથી યાત્રા પર નીકળ્યા હતા. ખાનગી બસમાં જામનગર, મોરબી અને રાજકોટના લગભગ ૫૦ જેટલા મુસાફરો સવાર હતા. જેઓ અંબાજી દર્શન કર્યા બાદ મોઢેરા જઈ રહ્યા હતા, ત્યારે ત્રિશુલિયા ઘાટ પાસે ખાનગી બસ પલટી ગઈ હતી. બસ પલટી ખાઈ જતા મોટાભાગના મુસાફરો બસમાં ફસાઈ ગયા હતા. જેમાં લગભગ ૩૦ જેટલા મુસાફરો ઘાયલ થયા હતા.

ઘાયલોને ૧૦૮ મારફતે દાંતાની સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જોકે, સદનસીબે આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ ન હતી. પરંતુ બે મુસાફરો બસમાં ફસાયા હતા, જેઓને બે કલાકની મહેનત બાદ રેસ્ક્યૂ કરીને બહાર કઢાયા હતા. ઘટનાની જાણ થકતા બનાસકાંઠાના સાંસદ પરબત પટેલ ઘટના સ્થળે પહોંચ્યા હતા. તો પોલીસનો કાફલો પણ ઈજાગ્રસ્તોની મદદે પહોંચ્યો હતો. ૧૦૮ ની ગાડીઓ પણ ઘટના સ્થળે દોડી આવી હતી.

# ૨૨ વર્ષીય યુવકનું મોત થતા મૃત્યુઆંક ૬ પર પહોંચ્યો

| મહેમદાવાદ, તા.૩ |

આજરોજ મહેમદાવાદના સોજાલી ગામના ૨૨ વર્ષના વિપુલ સોઢાનું સારવાર દરમિયાન વહેલી સવારે મોત નિપજ્યું છે. વિપુલ સોઢા સોજાલી ગામનો વતની છે. તે તેના મામાના ગામ સિહુંજથી બિલોદરા ગામમાં માંડવી જોવા ગયો હતો. વિપુલ સોઢાએ સિરપ પિતા તેની તબિયત લથડી હતી. જેથી તેને પહેલા નડિયાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. બાદમાં વધુ સારવાર માટે નડિયાદ સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો, જ્યાં તેને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યો હતો. આજે વહેલી સવારે તેનું મોત નીપ જ્યું છે. આ સાથે જ ખેડા જિલ્લામાં સિરપકાંડમાં મૃત્યુઆંક ૬ થયો છે.

ખેડામાં આયુર્વેદિક સીરપ કાંડ મામલે ૫ વ્યક્તિઓ સામે નડિયાદ રૂરલ પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરીયાદ નોંધાઈ છે. ખેડા એસ. ઓ.જી પીઆઈ ડી.એન.ચુડાસમા ફરીયાદી બન્યા છે. તમામ આરોપીઓ સામે માનવ વધનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ખેડામાં સીરપના કારણે થયેલા મોતનો મામલે સિરપ વેચતાં વિક્રેતાઓ પર રાજ્યવ્યાપી દરોડા પાડવામા આવ્યા હતા. સિરપ વેચતા રાજ્યવ્યાપી ૩,૨૭૧ સ્થળો પર પોલીસે દરોડા પાડ્યા. જેમાં ગેરકાયદેસર સીરપ વેચતા ૬૭ આરોપીઓની ધરપકડ કરાઈ છે. સીરપ મામલે ૧૨ એફઆઈઆર તથા ૯૨ જાણવાજોગ ફરિયાદ દાખલ થઈ છે. રાજ્યમાં સીરપ મામલે કુલ ૨૨ આરોપીઓની ધરપકડ તો ૩૯૧ લોકો સાથે બેઠકો કરવામાં આવી છે. આરોપીઓના નામ : નડીયાદના યોગેશભાઈ પારૂમલસિંધી, બિલોદરાનાનારાયણઉર્ફેકિશોરભાઈ સાકળભાઈ સોઢા, ઈશ્વરભાઈ સાંકળભાઈ સોઢા, વડોદરાના નીતીન કોટવાણી, ભાવેશ સેવકાણી. ખેડાના ડીએસપી રાજેશ ગઢીયાએ જણાવ્યું કે, આ આરોપીઓ દ્વારા KALMEGHASAVA ASAVA ARISHTA નામની આયુર્વેદીક ઔષધી તરીકે વપરાતી પ્રોડક્ટની ખોટા અને બનાવટી લેબલ લગાવેલી બોટલો મંગાવી વેચાણ કરાતું હતું. આ બોટલોમાં રહેલ પીણું મીથાઈલ આલ્કોહોલ યુક્ત હોવાનુ અને આ પીણું પીવાથી પીનાર વ્યક્તિને શારીરીક નુકશાન થઈ શકે છે.

### જંગલમાં મહિલાને કાનની નીચે જીવાતે માર્યો ડંખ

# ગુજરાતમાં સ્ક્રબ ટાઈફસ બિમારીનો પહેલો કેસ

| સુરત, તા.૩ |

સુરત નવી સિવિલ હોસ્પિટલમાં સ્ક્રબ ટાઈફસનો પ્રથમ કેસ નોંધાયો છે. ૫૧ વર્ષીય મહિલાને ચિગાર નામક જંતુ કરડતા ઓરિએન્ટા સુસુગામુશી નામના બેક્ટેરિયાજનિત સ્ક્રબ ટાઈફસ નામની ગંભીર બિમારી થઈ હતી. જેનું સફળતા પૂર્વક નિદાન કરવામાં આવ્યું છે.

નર્મદા જિલ્લાના ડેડિયાપાડાના વતની આદિવાસી મહિલાને નવી સિવિલમાં ૧૭ દિવસની સઘન સારવાર બાદ નવજીવન મળ્યું છે. સુરત નવી સિવિલ હોસ્પિટલમાં પ્રથમવાર નર્મદા જિલ્લાના ડેડિયાપાડા તાલુકાના કનબુડી ગામના વતની એવા ૫૧ વર્ષીય આદિવાસી મહિલાને ૧૭ દિવસની સારવાર બાદ નવજીવન મળ્યું છે. જવલ્લે જોવા મળતી Scrub Typhus- સ્ક્રબ ટાઈફસ નામની બિમારીનું નિદાન થયું હતું. જેનો સુરત નવી સિવિલમાં પ્રથમ કેસ નોંધાયો છે.

આદિવાસી મહિલાને દિવાળી પહેલા જંગલમાં સીતાફળ તોડતી વખતે કાનની નીચે જીવાતે ડંખ માર્યો હતો. શરૂઆતમાં કાનની નીચે સોજો આવ્યો અને માથામાં સખત દુઃખાવો થતા નજીકની ખાનગી હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જયાં બે દિવસની સારવાર આપ્યા બાદ ત્યાંના તબીબોએ અન્ય હોસ્પિટલમાં લઈ જવા જણાવતા પરિવારજનોએ ૧૭મી નવેમ્બરના રોજ નવી સિવિલમાં દાખલ કર્યા હતા. મહિલા દર્દીનો રીપોર્ટ કરાવતા તાવ, લીવર, કીડની અને ફેફસામાં સોજો હોવાનું નિદાન થયું હતું. તત્કાલ ડો.અશ્વિન વસાવાના માર્ગદર્શન હેઠળ ગૌરીબેનની સારવાર શરૂ કરવામાં આવી હતી. શરૂઆતમાં શ્વાસ લેવામાં તકલીફના કારણે ૧૦ દિવસ વેન્ટીલેટર પર રાખવામાં આવ્યા, ત્યારબાદ કિડનીની સારવાર માટે ચારથી પાંચ વાર ડાયાલિસીસ કરવામાં આવ્યું હતું.

આમ નિયમિત દવાઓ અને તબીબોની મહામહેનતના કારણે મહિલા સંપૂર્ણ સ્વસ્થ થયા છે. આ બિમારીનું કારણ જાણવા માટે સુરતની ખાનગી લેબમાં તપાસ કર્યા બાદ સ્ક્રબ ટાઈફસનો રિપોર્ટ NCDC, Delhi ખાતે મોકલવામાં આવ્યો હતો. ત્યાંથી પણ રીપોર્ટ પોઝીટીવ આવતા આ સ્ક્રબ ટાઈફસ નામની બીમારી ઓરિએન્ટા સુસુગામુશી નામના બેક્ટેરિયા થતી હોવાનું જાણવા મળ્યું હતું.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર
વોટ્સએપ મેસેજ જ કરવો

આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨